સુવિચાર
"પંગત ચૂકી જવાથી એક ટંકનું ભોજન ચૂકી જવાય છે. પણ, સંગત ચૂકી જવાથી મૂલ્યવાન જિંદગી ચૂકી જવાય છે."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૫/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.


ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ સુદ-૧૪ વર્ષ : ૧૭ અંક : ૧૪૨

### ભાજપનાં પૂર્વ સાંસદ અને ગૌપ્રેમી ડો. વલ્લભભાઈ કથીરીયાનું નિવેદન

# આપણી પ્રાથમિકતા કઈ ! ચિત્તાનો વસવાટ કે ગૌ અભયારણ્ય ?

**રસ્તાઓ પર રખડતો ગૌવંશ, પ્લાસ્ટિક ખાઈ રહેલી ગાયો, અકસ્માતોમાં મોતને ભેટતા ઢોરની ગંભીરતા કેમ દેખાતી નથી ?**

**આપણું પર્યાવરણ સંતુલન માત્ર શિકારી પ્રાણીઓ વધારવાથી જ જળવાશે તેવો વેધક પ્રશ્ન ઉપસ્થિત કર્યો**

**ગૌવંશ અને નંદી અભયારણ્ય, દેશી ગાયોનાં સંવર્ધન કેન્દ્રો કરવા પણ જરૂરી**

**ગૌવંશ એ માત્ર એક પશુ છે ? કે પછી કૃષિ, આરોગ્ય, પર્યાવરણ અને ગ્રામ્ય અર્થતંત્રનો આધારસ્તંભ છે ?**





રાજકોટ, તા. ૨૯
રાજકોટનાં પૂર્વ સાંસદ અને ગૌપ્રેમી ડો. વલ્લભભાઈ કથીરીયાએ આજે ગૌવંશની ચિંતા કરતું એક નિવેદન આપેલ છે.
તેઓએ જણાવેલ છે કે, તાજેતરમાં કચ્છના બન્નીના રણ વિસ્તારોમાં ચિત્તાને વસાવવાના અને વન્યજીવ વિસ્તરણ સંબંધિત ચર્ચાઓએ એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉભો કર્યો છે. શું આપણે વિકાસ અને વાઈલ્ડ લાઈફના નામે એવી દિશામાં તો આગળ નથી વધી રહ્યા કે જયાં માનવતા, કરૂણા, ગૌવંશ અને ગ્રામ્ય પર્યાવરણના મૂળ પ્રશ્નો પાછળ ધકેલાઈ રહ્યા છે ?
વન્યજીવ સંરક્ષણ નિશ્ચિત રીતે જરૂરી છે. પ્રકૃતિમાં દરેક જીવનું પોતાનું મહત્વ છે. પરંતુ પ્રશ્ન ત્યારે ઉભો થાય છે જયારે પ્રાથમિકતાઓનું સંતુલન બગડવા લાગે. આજે દેશભરમાં ચિત્તા, સિંહ અને વાઘ જેવા માંસાહારી પ્રાણીઓના સંરક્ષણ માટે કરોડો રૂપિયાના પ્રોજેકટ તૈયાર થાય છે,
અનુસંધાન પાના ૬ ઉપર

### સિટીપીઆઈ એમ.એમ. ઝાલા દ્વારા વેપારી અગ્રણીઓ સાથે બેઠક યોજાઈ

# અમરેલી શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યાને નિયંત્રિત કરવા માટે પોલીસે 'ઝીરો ટોલરન્સ'નો અભિગમ અપનાવ્યો

**ટ્રાફિકને અવરોધતા વાહનોને પોલીસ દ્વારા ડિટેઈન કરવામાં આવશે**




અમરેલી, તા. ૨૯
અમરેલી શહેરમાં વધતી જતી ટ્રાફિકની ગંભીર સમસ્યાને નિયંત્રિત કરવા અને જાહેર માર્ગો પર ટ્રાફિકની સરળતા જાળવવા માટે અમરેલી સીટી પોલીસ દ્વારા 'ઝીરો ટોલરન્સ' અભિગમ અપનાવવામાં આવ્યો છે. સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એમ. એમ. ઝાલા દ્વારા એસ.ટી. બસ સ્ટેશન વિસ્તારના વેપારી અગ્રણીઓ સાથે એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
મોટર વ્હીકલ એક્ટની વિવિધ જોગવાઈઓનો હવાલો આપતા પી.આઈ.એમ.એમ. ઝાલાએ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, શહેરના મુખ્ય માર્ગો પર વાહનોનું બેફામ પાર્કિંગ કરવું એ કાયદાકીય ગુનો છે. વેપારીઓએ પોતાની દુકાનોની બહાર ગ્રાહકોના વાહનો પાર્ક કરાવતી વખતે એ વાતની તકેદારી રાખવી કે, જાહેર રસ્તા કે રાહદારીઓના ફૂટપાથ પર ટ્રાફિકને અવરોધ ન ઊભો થાય.
શહેરના રસ્તાઓ જાહેર મિલકત છે. દુકાનો બહાર દબાણ કરવું અથવા ત્યાં પાર્કિંગના કારણે ટ્રાફિકની
અનુસંધાન પાના ૬ ઉપર

### ભરૂચનાં ગંધાર ગામનાં આરોપી દ્વારા

# રાજુલામાં ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતાં આધેડ સાથે રૂપિયા ૪૯.૩૯ લાખની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૯
રાજુલા ગામે છતડીયા રોડ, મનમંદિર–ઉમાંરહેતા અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા બીપીનભાઈ મુળશકરભાઈ ઓઝા નામનાં ૫૦ વર્ષિય આધેડને રાજુલા તાલુકાનાં વિકટર ગામનાં વતની અને ભરૂચ જિલ્લાનાં ગંધાર ગામે રહેતા અશોક મનસુખભાઈ બાંભળીયા નામનાં આરોપીએ રૂબરૂ મળી અને વાત કરેલ કે, મારે ભરૂચ પાસે ગંધાર ગામે મીઠાનાં અગર ચાલે છે. અને તેમાં મારે વાહનોની જરૂર છે. તમે લોનથી ડમ્પર અને બે ટ્રેકટર અને હીટાચી લઈને વાહનો મોકલો તો હુ તમને સારૂ ભાડુ આપીશ.
અનુસંધાન પાના ૬ ઉપર

### સમગ્ર પંથકમાં ચકચાર જગાવતી ઘટના

# લાઠીનાં હાવતડ ગામનો યુવક યુવતીને લઈને ભાગી જતાં યુવકનાં પરિવારજનો ઉપર હુમલો

**યુવકનાં કાકાએ સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૯
લાઠી તાલુકાના હાવતડ ગામે રહેતાં કાળુભાઈ હીરાભાઈ મેવાડા નામનાં આધેડના ભાઈ દેવશીભાઈ હીરાભાઈ મેવાડાનો દિકરો
અનુસંધાન પાના ૬ ઉપર

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,43,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૯/૦૫/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧


ડો. જીતેન્દ્ર એ. સોલંકી
એમ.એસ.(ઓપ્થલ)
આંખના સર્જન
શિવમ્ આંખની હોસ્પિટલ
ઉપલબ્ધ સુવિધાઓ.....
• મોતીયાનાં ઓપરેશન તથા નેત્રમણી આરોપણ
• નેત્રમણી માટે ટાંકા વગરના ઓપરેશનો (ફેકો)
• આંખનાં નંબરની કોમ્પ્યુટર દ્વારા તપાસ
• કોન્ટેકટ લેન્સ કિલનીક તથા નંબર ઉતારવા વિશે માર્ગદર્શન
• પડદાનાં રોગોની તપાસ તથા સારવાર
• આંખની રસી, ફુલુ, ચાંદાની સારવાર
• દર્દી તપાસવાની OPD નીચે ગ્રાઉન્ડ ફલોર પર
માણેકપરા, પી.પી.સોજીત્રા સાહેબનાં બંગલાની સામે, અમરેલી મો.નં. ૭૪૮૭૮ ૦૨૭૯૯

અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)<br>મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS),<br>Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | ડો. પ્રિતિશ શાહ<br>એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીએનબી (નેફ્રોલોજી)<br>કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧–એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

### કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા રજુઆત

# અમરેલી શહેરમાં ''દાનેવ સર્કલ'' અથવા ''દાનેવ માર્ગ'' નામકરણ કરવા માંગ

## પાલિકા પ્રમુખને આવેદનપત્ર પાઠવ્યુ

અમરેલી, તા. ૨૯

અમરેલી કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા પાલિકાનાં પ્રમુખને આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરમાં કાઠી ક્ષત્રિય સમાજની સંખ્યા ખુબ જ મોટા પ્રમાણમાં છે. છતાં આજદિન સુધી શહેરમાં કોઈ રોડ, રસ્તા કે સર્કલનું નામ અંશાવતાર પુજય દાન મહારાજના નામ પરથી રાખવામાં આવેલ નથી.



કાઠી ક્ષત્રિય સમાજની લાગણી તથા અંશાવતાર પુજય દાન મહારાજ પ્રત્યે શ્રધ્ધા ધરાવતા અનેક સમાજોની ભાવનાને ધ્યાનમાં રાખીને અમરેલી શહેરમાં જયાં નવા સર્કલની રચના થવાની હોય ત્યાં એક સર્કલનું નામ ''દાનેવ સર્કલ'' અથવા કોઈ માર્ગનું નામ ''દાનેવ માર્ગ'' રાખવામાં આવે.

અંશાવતાર પુજય દાન મહારાજ પ્રત્યે લાખો લોકોની અખંડ આસ્થા અને શ્રધ્ધા જોડાયેલી છે. તેમના નામથી સર્કલ અથવા માર્ગનું નામકરણ થવાથી સમાજમાં એકતા, ગૌરવ અને સાંસ્કૃતિક ભાવનાને પ્રોત્સાહન મળશે.

### વિવિધ પેન્શન અને સહાય યોજનાનાં લાભાર્થીઓ માટે

# અમરેલી શહેરમાં ઈ-કેવાયસી (હયાતીની ખરાઈ) કરાવવું ફરજિયાત

## મામલતદાર કચેરીમાં સંપર્ક કરવા જણાવાયું

અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરી વિસ્તારમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ સહાય, નિરાધાર વૃદ્ધ, અપંગ વૃદ્ધ સહાય તેમજ વિધવા સહાય મેળવતા તમામ અરજદારો માટે હયાતીની ખરાઈ (ઈ–કેવાયસી) કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ પ્રક્રિયા માટે તમામ લાભાર્થીઓએ પોતાના આધાર કાર્ડ અને મોબાઈલ ફોન સાથે મામલતદાર કચેરી, અમરેલી શહેર, ગ્રાઉન્ડ ફલોર, જિલ્લા સેવા સદન, રાજમહેલ કોમ્પ્લેકસ ખાતે રૂમ નંબર ૭, ૮ અને ૧૩ માં રૂબરૂ હાજર રહેવું ફરજિયાત છે. આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હોવાથી તમામ અરજદારોને વહેલી તકે કચેરીની મુલાકાત લેવા મામલતદાર અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં

# સાવરકુંડલા શહેરને રેલ્વે ફાટકથી મુકત કરાવવા અર્થે બેઠક યોજાઈ

## અંડરબ્રિજને પહોળા કરવાની પણ વિચારણા

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા શહેરમાં વાહન વ્યવહારને વધુ સુગમ, સુરક્ષિત અને સુવિધાસભર બનાવવા માટે ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં સત્વ અટલધારા કાર્યાલય ખાતે મહત્વપૂર્ણ આયોજન બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંબંધિત વિભાગોના અધિકારીઓ, ઈજનેરો તેમજ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શહેરમાં સતત વધી રહેલા ટ્રાફિક ભારને ધ્યાનમાં રાખી ફાટક મુક સાવરકુંડલાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.



બેઠક દરમિયાન મહુવા રોડ માર્કેટિંગ યાર્ડ પાસે આવેલા અંડરબ્રિજ, જેસર રોડ ફાટક સહિત શહેરના વિવિધ મહત્વપૂર્ણ સ્થળોએ આવેલા અંડરબ્રિજોને વધુ પહોળા અને સુવિધાસભર બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. હાલના સમયમાં ભારે વાહનવ્યવહારને કારણે અનેક સ્થળોએ ટ્રાફિકની સમસ્યાઓ સર્જાઈ રહી છે, જેને દૂર કરવા માટે અંડરબ્રિજના વિસ્તરણ અને આધુનિકીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આયોજન બેઠક બાદ ધારાસભ્ય મહેશ કસવાલા તથા અધિકારીઓની ટીમે સંબંધિત સ્થળોની મુલાકાત લઈ સ્થળ નિરીક્ષણ પણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા, વાહનોની અવરજવર, રાહદારીઓની સુરક્ષા તેમજ ભવિષ્યમાં વધનારા વાહનવ્યવહારને ધ્યાનમાં રાખી જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. સ્થાનિક નાગરિકોને આવન જાવનમાં સરળતા રહે અને અકસ્માતોની સંભાવના ઓછી થાય તે માટે પણ વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું હતું કે સાવરકુંડલાના વિકાસ માટે માર્ગ અને ટ્રાફિક સુવિધાઓને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ સતત ચાલુ છે. શહેરને ફાટક મુક્ત બનાવવાથી લોકોનો સમય બચશે, ટ્રાફિક સમસ્યામાં ઘટાડો થશે તેમજ સુરક્ષિત મુસાફરીને પ્રોત્સાહન મળશે. આગામી સમયમાં આ યોજનાઓને ઝડપથી અમલી બનાવવાના પ્રયાસો હાથ ધરાશે.

# અમરેલીનાં એડવોકેટ રશ્મિકાંત ત્રિવેદીનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૨૯

અમરેલી એડવોકેટ રશ્મિકાંત બી. ત્રિવેદીનો આજે જન્મદિવસ છે તેઓ ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે. તેઓ ભાજપના સક્રિય સભ્ય તેમજ અમરેલી શહેર ગ્રાહક સુરક્ષા મંડળનાં મંત્રી ગુજરાત પ્રદેશ ભાજપ માનવ અધિકારના સેલનાં પૂર્વ કારોબારી સભ્ય રહી ચુકેલ છે તથા વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલ છે.



તેઓને તેમના જન્મદિન નિમિત્તે તેમના મિત્ર વર્તુળ, સગા–સ્નેહીજન તેમજ સામાજિક આગેવાનો દ્વારા જન્મદિનની શુભકામના તેમજ સર્વો દ્વારા મો. ૯૪૨૬૫ ૫૨૭૧૯ ઉપર શુભેચ્છાઓ મળી રહેલ છે.


**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


### ધારાસભ્ય જનક તળાવીયાની મહેનતથી

# હરસુરપુર-ખીજડીયા જં. રોડને રીસર્ફેસિંગ કરવા રૂ. ૨.૨૦ કરોડ મંજૂર

## સ્થાનિક વિસ્તારમાં ખુશીનો માહોલ

અમરેલી, તા. ૨૯

લાઠી–બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે લાઠી તાલુકાના હરસુરપુર અને બાબરા તાલુકાના ખીજડીયા જં. ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૨.૨૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

હરસુરપુર અને ખીજડીયા જં. ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૨.૨૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

# બકરીના દૂધના ફાયદા



અમરેલી, તા. ૨૯

બકરીનું દૂધ મધુર, શીતળ, ઝાડાને રોકનાર અને હલકું છે. તે રકતપિત્ત, અતિસાર (ડાયેરીયા) ટી.બી., ઉધરસ તથા તાવને મટાડનાર છે. બકરીઓ કદમાં નાની હોય છે. તીખા અને કડવા પદાર્થો ખાય છે. પાણી થોડુ પીએ છે અને પરિશ્રમ (ચાલવું, દોડવું, ઠેકડા મારવા વગેરે) ઘણો કરે છે. તેથી તેનું દૂધ સઘળા રોગોને મટાડનાર છે. તંદુરસ્ત બકરીનું દૂધ વધુ નિરોગી અને નિર્દોષ ગણાય છે. બકરીનું દૂધ જલ્દી પચે છે. તેથી નાના બાળકો માટે તે બહુ અનુકૂળ છે. બકરીનાં દૂધનું ફીણ વાત, પિત્ત અને કફનો નાશ કરનાર, રૂચિ ઉપજાવનાર, બળને વધારનાર જઠરાગ્નિ વધારનાર, મૈથુનશકિત વધારનાર, અમ્લપિત્ત (એસીડીટી), જુના તાવ વગેરેમાં લાભદાયક છે. બકરીનું દહીં ઉત્તમ, ઝાડાને રોકનાર, હલકું, ત્રણેય દોષને હણનાર, ıસ, ઉધરસ, ટી.બી. રોગમાં તથા દુબળ ıપણામાં વખણાય છે. બકરીનું ઘી આંખ અંગે હિતકારી, બળને વધારનાર, ıસ, ટી.બી. ઉધરસ વગેરે પરહિતકારી છે. પાંડુરોગ, અમ્લપિત્ત શોષ, પેટના રોગો, ઝાડા, બળતરા, સોજીમાં બકરીના દૂધનાં ઉપયોગ હિતકાર છે. સ્ત્રીઓને યોનિના રોગો, શુક્ર સંબંધિ રોગો, મૂત્રના વિકારો, મળ ગંઠાઈ ગયા હોય, વાયુના વિકારો, પિત્તના વિકારોમાં પણ હિતકારી છે. બકરી સામાન્ય રીતે જે પાલો ખાય છે તેમાં ફેરફાર કરવાથી તેની દૂધની ગુણવત્તામાં ફેરફાર આવશે. રાત્રે પશુ હેરફેર ઓછું કરતું હોવાથી સવારે દોહવાતું દૂધ દિવસ દરમ્યાનના દૂધ કરતાં પચવામાં માર પડે છે.

બકરીનું દૂધ એ કુદરતી રીતે એકરસ અને સરળતાથી તેને જ પચી જાય છે. બકરીનું દૂધ માત્ર વીસ મિનિટમાં જ પચી જાય છે. બકરીના દૂધમાં રહેલા ચરબીના બે માઈક્રોન જેટલા નાના કણોને લીધે એકરસ લાગે છે. રાયબોફલેવિન અને બાયોટીન, પેન્ટોથેનિક એસીડ, વિટામીન ડી અને પોટેશિયમ માટે બકરીનું દૂધ એ ઘણું ઉત્તમ છે. બકરીનું દૂધ ઓછો કોલેસ્ટ્રોલ, વધારે કેલ્શિયમ, ફોસ્ફરસ, વિટામીન એ,બી ધરાવે છે. બકરીના દૂધ તારા વજનમાં વધારો, લોહીમાં વિટામીન, લોહતત્વોનો વધારો અને શરીરમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળેલ છે. બાળકોના દુગ્ધ આહાર માટે બકરીનું દૂધ ખૂબ જ અગત્યતા પ્રતિપાદિત કરેલ છે. બકરીના દૂધનું દહી નરમ છે. દૂધમાંથી સ્વાદિષ્ટ ચીઝ બને છે, જે લોકો ખૂબ પસંદ કરે છે. ઘણા સંશોધન દ્વારા નોંધપાત્ર ઠરેલ છે કે બકરીનું દૂધ એ હૃદય, આંતરડાને તથા ખોરાકની પાચકતા અને પોષણ સંબંધિત રોગોના દર્દીઓની સારવારમાં ખૂબ જ મહત્વનું પૂરવાર થયેલ છે. બકરીઓનું દોહન, સાફ સફાઈ, ચરણમાં લઈ જવી વગેરે માવજતના કામ કૌટુંબિક સભ્યો, સ્ત્રીઓ, બાળકો વગેરે કરતા હોવાથી મજૂરી ખર્ચ ચઢતો નથી. દૂઝણી બકરી દીઠ વાર્ષિક ખર્ચ સરેરાશ રૂ. ૬૦૦–૭૦૦ થાય છે. જયારે દૂધ, ખાતર વગેરે મળી અંદાજિત આવક રૂા ૧૩૦૦–૧૫૦૦ થાય છે. આમ બકરી દીઠ ચોખ્ખો નફો રૂ. ન ૭૦૦–૮૦૦ થાય છે.

બકરીના દૂધમાંથી દહી, ચીઝ જેવી બનાવટો બનાવી શકાય છે. શહેરી વિસ્તારના ઉપયોગ માટે માવા, ઘી, મસ્કો બનાવવામાં આવે છે. આ દૂધમાંથી પનીર પણ સારા બને છે. આ દૂધને ૧૦થી ૨૫%ની માત્રામાં ભેંસના દૂધ સાથે ભેળવી ચીઝ બનાવવામાં આવે તો સુંદર પ્રકારનું ચીઝ દસ મહિનાને બદલે ચારથી છ મહિનામાં તૈયાર થઈ શકે છે. ભેંસ અને બકરીના દૂધની એકસરખી માત્રાના મિશ્રણથી સુંદર ગુણવત્તાવાળ મોનોરેલા ચીઝ જે પીઝા બનાવવામાં વપરાય છે. તે સારી બની શકે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ નિયમીત બકરીનું દૂધ પીતા અને તેમણે પોતે પણ બકરીના દૂધ પીવાનો સૌને સારો એવો પ્રચાર–પ્રસાર કર્યો હતો.

– મિતલ ખેતાણી
(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


### તાલુકા પીઆઈની રાહબરી હેઠળ કાર્યવાહી

# અમરેલી નજીક બનેલ લૂંટનાં ગુન્હાનાં આરોપીને ઝડપી લેવાયા

## ૬ આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૯

બાબરા તાલુકાના વાંડળીયા ગામે રહેતા અજય રામજીભાઈ ગાંગડીયા નામના ૨૬ વર્ષિય ડ્રાઈવર યુવક ગત તા. ૨૪નાં રોજ રાત્રીના સમયે અમરેલીના નવા બાયપાસ રોડ ઉપરથી પોતાના ટ્રક સાથે પસાર થતાં હતા ત્યારે આ ડ્રાઈવર યુવકનો ટ્રક આરોપીઓએ રોકાવી ગેરકાયદેસર અવરોધ કરી ડ્રાઈવર યુવકને ટ્રકમાંથી જબરદસ્તીથી નીચે ઉતારી તેની ગેરકાયદેસર અટકાયત કરી મારકૂટ કરી રેલ્વેના નવા પુલીયા નીચે લઈ જઈ તમામ આરોપીઓએ ડ્રાઈવર યુવક સાથે મારકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, મોબાઈલ અને પાકીટ આંચકી લઈ પાકીટમાં આશરે રૂા. ૮૦૦થી ૧૦૦૦ હતા તે ઝૂંટવી લઈ વધુ પૈસાની માંગણી કરી હતી.



ડ્રાઈવર પાસે વધારે પૈસા ન હોય જેથી બીજા પૈસા તેમના શેઠના ગૂગલ પે ધ્વારા રૂપિયા ૫૦૦૦ ટ્રાન્સફર કરાવેલ હતા. ડ્રાઈવરની ગરદન પાસે ખુલે એવી છરી રાખી બીજા દિવસે વધુ રૂપિયા ૪૫,૦૦૦ મોકલવાની તથા નહી મોકલીએ તો જાનથી મારી નાખવાની અને વીડિયો વાયરલ કરવાની ધમકીઓ આપી આ તમામ આરોપીઓએ ડ્રાઈવર પાસેથી રૂા. ૬૦૦૦ની લૂંટ કરી આરોપીઓ નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ બનાવમાં અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ઓ.કે. જાડેજાની રાહબરી હેઠળ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ટીમ ધ્વારા ગણતરીની કલાકોમાં આરોપીઓ પરીત ચિરાગભાઈ ભીમાણી, હરકિશન હરેશભાઈ ખસીયા, અરમાન કાળુભાઈ સમા, તોફીક સલીમભાઈ સમા, રોનક ફિરોઝભાઈ નગોરી, પરવેઝ ફિરોઝભાઈ નગોરીને પકડી પાડવામાં આવેલ છે.

# અમરેલી લોકસભા વિસ્તારમાં MPLADS ગ્રાંટના રેકોર્ડબ્રેક ૯૯.૯૦% ટકા વિકાસકામોની ભલામણ કરતા સાંસદ

અમરેલી, તા. ૨૯

અમરેલી લોકસભા મતવિસ્તારના સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા પોતાના વિસ્તારના સર્વાંગી માળખાગત વિકાસ માટે એક મહત્વની સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫– ૨૬ના સમયગાળા દરમિયાન સંસદ સભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPLADS) અંતર્ગત લોકસભા વિસ્તારની સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અત્યાર સુધીની સૌથી ઝડપી અને રેકોર્ડબ્રેક કામગીરી નોંધાઈ છે.

આ યોજના હેઠળ સાંસદોને પોતાના મતવિસ્તારમાં સ્થાનિક જરૂરિયાતોના આધારે વિકાસલક્ષી કામોની ભલામણ કરવાની સવલત આપવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ સ્થાનિક સ્તરે જાહેર સુવિધાઓ અને માળખાગત વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.



ચાલુ નાણાકીય વર્ષો (વર્ષ ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬) દરમિયાન સાંસદ ભરતભાઈ સુતરીયાની સક્રિયતાના કારણે અમરેલી લોકસભા વિસ્તારમાં સરકારી ગ્રાંટનો મહત્તમ અને સમયસર ઉપયોગ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. આ બે વર્ષ દરમિયાન કુલ રૂ. ૯.૮૦ કરોડની ગ્રાંટ મળવાપાત્ર હતી, જેમાંથી તેમણે રેકોર્ડબ્રેક ૯૯.૯૦ ટકા જેટલી માતબર રકમ એટલે કે રૂ. ૯.૭૯ કરોડના વિવિધ પ્રગતિશીલ વિકાસકામોની દરખાસ્તો રજૂ કરી દીધી છે. આ અંતર્ગત સમગ્ર લોકસભા વિસ્તારમાં કુલ ૨૬૯ જેટલા નાના–મોટા લોકઉપયોગી વિકાસ કામોનો સમાવેશ થાય છે. તે પૈકી રૂ. ૯.૩૯ કરોડના ૨૬૩ વિકાસકામોને વહીવટી મંજૂરી આપવામાં આવી છે, જે દરખાસ્ત કરેલ રકમના અંદાજે ૯૫.૯૧ ટકા જેટલા થાય છે.

આ ઉપરાંત અત્યાર સુધીમાં ૧૫૮ જેટલા વિકાસકાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યા છે, જેની પાછળ અંદાજે રૂ. ૫.૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ખર્ચ મંજૂર થયેલી રકમના ૫૬.૬૬ ટકા જેટલો થાય છે, જયારે બાકીના ૧૦૫ જેટલા કામો હાલ પ્રગતિ હેઠળ છે. જે મંજૂર કામો સામે અંદાજે ૩૯.૯૨ ટકા જેટલા થાય છે.

સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPLADS)નો હેતુ સ્થાનિક સ્તરે જાહેર સુવિધાઓ અને માળખાગત વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. યોજના હેઠળ સાંસદ દ્વારા રસ્તા, શાળાઓ, આંગણવાડી, સમુદાય ભવન, આરોગ્ય સુવિધાઓ, પીવાના પાણીની સુવિધા, સ્ટ્રીટલાઈટ તથા અન્ય જાહેર ઉપયોગના કામોની ભલામણ કરવામાં આવે છે. આ ભલામણોના પરિણામે વિસ્તારમાં આધારીય સુવિધાઓમાં વધારો થવા પામ્યો છે તથા સ્થાનિક નાગરિકોને સીધો લાભ મળી રહ્યો છે તેમ અમરેલી જિલ્લા આયોજન અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.


**''અમરેલી એક્સપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭



શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

**પ્રવેશની ઉતમ તક...**

વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી

www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી

### સરકાડીયા હનુમાનજી જગ્યામાં

# બાબરાનાં ઊંટવડ ખાતે ભાજપની ગ્રામ્ય મંડળ કાર્યશાળામાં વિકાસ ગાથા ગવાઈ

### વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ સાથે ભાજપ વધુ મજબુત : બસિયા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૯

કેન્દ્ર સરકારમાં દેશનાં લોકપ્રિય અને યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વ હેઠળ પૂર્ણ થયેલા "અવિરત ૧૨ વર્ષ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણનાં" સફળ કાર્યકાળની ઉજવણી અંતર્ગત પ્રદેશ ભાજપ દ્વારા રાજયભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે બાબરા ગ્રામ્ય મંડળ દ્વારા તાલુકાના ઊંટવડ ગામે સરાકડીયા હનુમાનજીની પવિત્ર જગ્યા ખાતે કાર્યકર્તા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યશાળામાં મુખ્ય વક્તા તરીકે જિલ્લા ભાજપનાં પૂર્વ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષમાં દેશે વિકાસ, સુરક્ષા, ગરીબ કલ્યાણ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર અને આત્મનિર્ભર ભારતના ક્ષેત્રે ઐતિહાસિક પ્રગતિ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ નેતૃત્વ હેઠળ દેશનાં સામાન્ય માણસ સુધી કેન્દ્ર સરકારની યોજનાઓનો સીધો લાભ પહોંચ્યો છે, જેના કારણે આજે ભારત વિશ્વ મંચ પર વધુ સશક્ત રીતે ઉભર્યુ છે.


તેમણે કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે, ભાજપ માત્ર રાજકીય પક્ષ નહીં પરંતુ રાષ્ટ્રસેવાનું સંગઠન છે. ગામડાં સુધી વિકાસનાં કાર્યો અને સરકારની જનહિતકારી યોજનાઓ પહોંચાડવામાં કાર્યકર્તાઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહી છે. આવનારા સમયમાં પણ સંગઠનને વધુ મજબૂત બનાવી પ્રજાના વિશ્વાસને બળ આપવાનું આહ્વાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તાલુકા ભાજપનાં પ્રભારી રાજુભાઈ ભુવા, વિઠલભાઈ ગજેરા, જિલ્લા કિસાન મોર્ચાનાં પ્રમુખ મુકેશભાઈ ખાખરીયા, જિલ્લા પંચાયત સભ્ય અમરાશીભાઈ વાઘેલા, તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, મહામંત્રી સુરેશભાઈ વાઘેલા, કારોબારી ચેરમેન માધવભાઈ કટારીયા સહિત તાલુકા પંચાયતનાં સભ્યો, સંગઠનનાં હોદેદ્દારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળાનું સમગ્ર વાતાવરણ ભાજપનાં વિકાસમાર્ગ અને સંગઠનાત્મક એકતાના સંદેશથી ગુંજી ઉઠયું હતું.

### એસપીએ કાર્યવાહી કરવા સુચના આપતા સિટી પોલીસ દ્વારા

# સાયબર ફ્રોડનાં રૂપિયા ૫ લાખ બેન્ક ખાતામાં જમા કરાવી સગેવગે કરનારની અટકાયત

### આરોપી રોહિત ધાનાણીની અટકાયત કરવામાં આવી



અમરેલી, તા. ૨૯

અમરેલીમાંસાયબરફ્રોડનાં રૂપિયાને અલગ અલગ બેંક ખાતાઓમાંથી નખાવી, રોકડમાં રૂપાંતરીતકરી "મ્યુલ" બેંકએકાઉન્ટનાં ગુન્હાનેઅંજામઆપીપોતાનીધરપકડ ટાળવા સારૂ નાસતા ફરતા આરોપીને અમરેલીસિટીપોલીસટીમેશોધી કાઢી ધોરણસર કાર્યવાહીહાથ ધરેલ છે.

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકસંજયખરાતએમ્યુલએકાઉન્ટ સંબંધીગુન્હાઓમાંઆરોપીઓનેશોધી કાઢીતેમનાવિરૂધ્ધકાયદેસરકાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલીસિટીપોલીસસ્ટેશનનાપોલીસ ઈન્સ્પેકટર એમ.એમ. ઝાલાના માર્ગદર્શનહેઠળઅમરેલીસિટીપોલીસ સ્ટેશન ટીમ ધ્વારા ચોકકસ બાતમી હકીકતતથાટેકનીકલસોર્સનીમદદથી અમરેલી સિટી પોલીસ સ્ટેશનના બીએનએસની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪)મુજબનાગુન્હાનાકામનામુળ ગારીયાધાર તાલુકાના મોટી વાવડી ગામનાંવતનીઅનેહાલસુરતરહેતાઅને કમીશન એજન્ટ તરીકે ધંધો કરતાં આરોપી રોહિત દેવરાજભાઈ ધાનાણીએ પોતાના બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૫,૦૦,૦૦૦ RTGS, NEFT, IMPSથીસયાબરફ્રોડનારૂપિયાજમા કરાવીપોતેઓપરેટકરતાબેંકખાતામાં મેળવી આ ખાતામાંથી રૂપિયા સગેવગે કરીગુન્હાકરીઅનેપોતાનીધરપકડટાળ વા સારૂ નાસતો ફરતો હોય તેને પકડી પાડીઅમરેલીસિટીપોલીસટીમેશોધી કાઢીધોરણસરકાર્યવાહીહાથ ધરેલ છે.

### કયાંક ધીમી ગતીએ કામ ચાલે તો કયાંક નબળી કામગીરી થાય

# અમરેલીમાં લાઠી માર્ગ અને હનુમાનપરા અંડર બ્રિજનાં માર્ગને લઈને શહેરીજનોમાં નારાજગી

### જવાબદાર વિભાગનાં અધિકારીઓ નિયમનુ પાલન કરાવે



અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરમાં જુદા-જુદા વિસ્તારમાં માર્ગોનું કામ ચાલી રહ્યું છે. જેમાં અમરેલીથી લાઠી તરફનાં માર્ગનું કામ છેલ્લા એક અઠવાડીયાથી બંધ હોય વાહનચાલકો તોબા પોકારી ગયા છે.

બીજી તરફ હનુમાનપરા અંડરબ્રિજનો માર્ગ બની ગયા બાદ થોડા જ દિવસોમાં માર્ગમાં તીરાડ પડયાની ફરિયાદ ઉભી થઈ હોય જવાબદાર વિભાગનાં અધિકારીઓ યોગ્ય કરે તેવી માંગ શહેરીજનોમાંથી ઉભી થઈ છે.

# દામનગરમાં સરદાર સર્કલ ચાર રસ્તા પર સ્પીડ બ્રેકરો બનાવો



દામનગર, તા. ૨૯

દામનગર શહેરના મુખ્ય હાર્દસમા વિસ્તાર એવા સરદાર સર્કલ - હવેલી પાસેથી અલગ - અલગ વિસ્તારોમાં જવા માટે ચાર રસ્તા પર વાહનોની અને લોકોની અવરજવર વધુ રહેતી હોય ચારેય દિશામાં સ્પીડ બ્રેકર બનાવવાની તાતી જરૂર છે. સ્પીડ બ્રેકર હોય તો વાહનની ગતિ ધીમી થઈ શકે. અહીંયા વહેલી સવારથી મોડી રાત્રી સુધી ટ્રાફિક રહેતું હોય, સ્થાનિક સત્તાધીશોએ સ્પીડ બ્રેકર બનાવવા જોઈએ એવી માંગ ઉઠી છે.

# લીલીયામોટા : બેન્કની લોન લઈ નાણા નહી ભરનાર આરોપીને ઝડપી લેવાયો



લીલીયા, તા. ૨૯

લીલીયા મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટનાંફોજદારીકેસનં.૨૦૧/૨૦૨૫નાં કામનાં આરોપી મેહુલભાઈ વશરામભાઈ ત્રાડ રહે લીલીયા બેન્કની લોન લઈ નાણા ન ભરતા લીલીયા કોર્ટ ધ્વારાબેવર્ષનીસજાપડેલહોયજેસજાનાં કામે મજકુર આરોપી પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસ્તા-ફરતો હોય. જેને ચોક્કસ બાતમીનાં આધારે લીલીયા ખાતેથીપકડીપાડીલીલીયાકોર્ટનાંહુકમ આધારેબારોબારઅમરેલીજિલ્લાજેલ ખાતેકેદમાંરહેવાસારૂસોંપીઆપેલછે. આસમગ્રકામગીરીમાંલીલીયાપોલીસ સ્ટેશનનાંપો.ઈન્સ.એમ.ડી.સાળુંકેની સુચનામુજબલીલીયાપોલીસસ્ટેશનનાં ટાઉન બીટ ઈન્ચાર્જ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ અને હેડ કોન્સ તથા પકોન્સ સંજયભાઈ જીવરાજભાઈ ઈટાળીયા તથા પો.કોન્સ પ્રકાશભાઈ ગોવિંદભાઈ માધડ વિ. સ્ટાફનાં માણસો ધ્વારા કરવામાં આવેલ.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

PRIME PROPERTY
રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
જયદિપ રાયઠઠા
Mo. 9377003636

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Hero
SPECIAL OFFER
EXCLUSIVE SALE
LIMITED TIME ONLY
Cash Discount ₹2500*
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 6500
WITH OTT 50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01

દરેક સફર હવે Shine સાથે
સ્ટાઈલ પણ, સેવિંગ પણ
₹71015
₹65,446/-
લિમિટેડ પીરિયડ ઓફર
₹4999*
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મસાળે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ.અમરેલી.

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદિક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 9574413737 Shreejihospitalamreli@gmail.com

# જીવનની સફળતાની Master Key છે Let Go

## પગદંડી/લેખન

**– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

આ "Let Go" એટલે જતું કરવું, છોડવું આ બન્ને શબ્દો સમજવા સહેલા છે પણ અનુસરવા ઘણાં અઘરા છે. સફળ માનવીઓએ એને અપનાવ્યા તે મહાન બની ગયાં. બાકીનાંએ પકડી રાખ્યું એ ઓ ડુબ્યા, છોડયું તેઓ તર્યા. આપણું વેદવાકય સુત્ર છે. ''તેન ત્યકતેન ભૂંજી થા.'' ત્યાગીને ભોગવી જાણો.એક નાના બાળકને રમકડું ગમ્યું તેને મળ્યું, બાળક મળ્યું પણ એક દિવસ પછી તે બાળક રમકડાને ભૂલી ગયું. છોડી દીધું. આપણે આપીશું પણ નજર નહિ કરે બસ આ રીતે જો આપણે છોડી શકીએ તો સુખી થઈએ સારૂ જીવન જીવી શકીએ.એક હિંદીમાં કહેલું છે ''જો જગત હૈ સો પાવત હૈ, જો સોવત હૈ વો ખોવત હૈ.'' અહિ બે શબ્દો મહત્વનાં છે. ''જગત'' અને ''સોવત'' સમજી શકાય એવી વાત છે.જૈન મુનિએ પણ કહ્યું છે જે પકડે છે તે અટકે છે જે છોડે છે તે પામે છે આ નાનકડા વાકયમાં કેટલી મોટી, ગર્ભિત વાત કહી દીધી છે.

એક મારૂ પ્રિય ઉપયોગી સર્વધર્મવાળું, સાર્વત્રિક ખ્યાતિપ્રાપ્ત મેગેઝિન ''મા સ્વામીની પ્રેરણા'' છે. જૈન સંપ્રદાયનું પણ એમાં જીવનોપયોગી જ વાતો અને લેખો હોય છે વાંચવા ને વંચાવવા જેવું સામયિક છે વળી સાવ મફતમાં તમારે ઘેર આવશે વોટસએપ નં. ૮૫૯૧૯ ૩૩૮૪૮/૭૪૦૦૦ ૩૩૮૪૮ મે–જુન ૨૬ના અંકનો મુખ્ય વિષય છે ''જતુ કર જિંદગી જીવવા દે.''આ વિષય અંતર્ગત રેખા વિરાણીએ સરસ છણાવટ કરી છે આવો એમના શબ્દોમાં જ વાંચીએ.

જન્મ, જીવન અને મૃત્યુ... આ ઘટનાક્રમ સાથે આપણે સહુ જોડાયેલાં છીએ. જન્મ ક્યાં થાય, ક્યારે થાય તે આપણી ચોઈસ નથી. મૃત્યુ પણ ક્યાં, ક્યારે, કેવી રીતે થાય તે આપણા હાથની વાત નથી. પરંતુ જન્મ અને મૃત્યુ વચ્ચેનું જે જીવન છે, એ કેવું જીવવું તે આપણા હાથની વાત છે. આપણે જીવન આપણી પસંદગી અને લક્ષ્યપૂર્વક જીવી શકીએ છીએ. મનુષ્ય–જન્મની કિંમત અમૂલ્ય છે. તેની એક એક ક્ષણ કિંમતી છે અને એટલે જ આ જિંદગી જીતી લેવી તે આ મનુષ્ય જીવનની સાર્થકતા અને સફળતા છે. જિંદગી જીતવા માટે 'જતું કરવું' તે એક સફળતાની Master Key છે. 'Let Go' આ સામાન્ય લાગતું વાક્ય મંત્ર સમાન છે.''The Art of Letting Go.'' જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે 'છોડતાં શીખો'

જે પકડે છે તે અટકે છે જે છોડે છે તે પામે છે.જે છોડતાં શીખે છે તે ઘણાબધા અવરોધ અને વિરોધ વચ્ચે પણ હળવો બની આગળ નીકળી જાય છે. આપણા મનમાં ઊઠતી અનેક ઈચ્છાઓ પૂરી ન થાય ત્યારે વ્યકિ વ્યથિત અને વ્યાકુળ બની જાય છે. મન મૂંઝાય છે. પરંતુ ભગવાન મહાવીર ફરમાવે છે કે – પરિસ્થિતિનો સ્વીકાર તે સાધના છે. સહનશકિત જીવને સિધ્ધના શિખર સુધી લઈ જાય છે.કૃપાળુદેવ ફરમાવે છે – મત દર્શન આગ્રહ તજી વર્તે સદ્ગુરૂલક્ષ ॥ લહે શુધ્ધ સમકિતતે જેમાં ભેદ ન પક્ષમમ।

શ્રીમદ્ રાજચંદ્રજી પણ એક પદ દ્વારા ફરમાવે છે કે જયાં સુધી જીવનમાં કોઈ પણ આગ્રહ, માન્યતા કે પકડ હોય તો તે સમ્યક્દર્શન પામી શકતો નથી. સ્વીકાર, સહનશકિત અને સરળ તાથી જ પકડ છૂટે છેઅને જીવની સિદ્ધત્વ તરફની યાત્રા આગળ વધે છે. કાંઈક પામવા માટે કાંઈક છોડવું પડે તે વાત સમજમાં આવી જાય તો વ્યકિત હળવો બની જાય છે. પ્રોબ્લેમને પગથિયું અને સમસ્યાને સીડી બનાવી લે છે તે મંજિલ સુધી પહોંચી જાય છે. એક પછી એક પગથિયાં છોડવાં પડે તો જ મંજિલ સુધી પહોંચી શકાય છે.

બે મિત્ર રોજ પોતાનું ભાથું અને પાણી લઈને જંગલમાં જાય. લાકડાં કાપે. સાંજે માર્કેટમાં જઈ લાકડાં વેચી આવે. આમ તેમનું ગુજરાન ચાલે. એક દિવસ એક દેવ પ્રસન્ન થાય છે અને બન્ને મિત્રને કહે છે– ચાલો મારી સાથે, જે લેવું હોય તે લઈ લો, કદાચ તમારી દરિદ્રતા દૂર થઈ જાય. પહેલો પડાવ આવ્યો લોખંડના જંગલમાં. બન્નેએ જેટલું લેવાય તેટલું લોખંડ લઈ લીધું. આગળ જતાં બીજો પડાવ આવ્યો ચાંદીના જંગલમાં. પહેલો મિત્ર વિચારે છે, જે પકડ્યું છે તે તો છોડી શકાય નહીં, પરંતુ બીજા મિત્રએ લોખંડને છોડી દીધું અને ચાંદી લઈ લીધી. ત્યાંથી આગળ વધતાં સોનાનું જંગલ આવ્યું. બંન્ને મિત્ર ખુશ થઈ ગયા, પરંતુ પહેલો મિત્ર લોખંડને છોડી શક્યો નહીં. બીજા મિત્રએ ચાંદીને પણ છોડી દીધી. લેવાય તેટલું સોનું લઈ લીધું. ત્યાંથી આગળ વધ્યા તો ડાયમંડથી ભરેલું જંગલ આવ્યું. બન્ને મિત્રો જોઈને નાચવા લાગ્યા. પરંતુ પહેલા મિત્રએ લોખંડને પકડી જ રાખ્યું અને બીજા મિત્રએ સોનાના સિક્કા પણ છોડી પોતાની ઝોળી ડાયમંડથી ભરી લીધી. સમય પૂરો થયો. સાંજે બન્નેને સ્વ સ્થાને છોડી દેવાયા. પહેલા મિત્રએ લોખંડને ન જ છોડયું તો તેની દરિદ્રતા પણ ટળી નહીં અને બીજો મિત્ર સમયને પારખીને છોડતો ગયો તે માલામાલ થઈ ગયો. આપણને આ મનુષ્યભવ અનંતકાળનાં દુ:ખ અને દરિદ્રતાને છોડી પોતે પોતાને પામવા માટે મળ્યો છે. જિંદગીને જીતવા માટે જ્ઞાની પુરૂષોએ જે ઉપાયો બતાવ્યા છે તેમાંથી એક અદ્ભુત ઉપાય છે એટલે– જતું કરો. જાને દો યારો... બસ, પ્રોબ્લેમની પૂર્ણાહુતિ તરફ લઈ જતી આ વિચારધારા જીવનને આનંદિત, પ્રફુલ્લિત બનાવે છે. આ જિંદગીને સફળ અને સાર્થક બનાવતું અમોઘ શસ્ત્ર, એટલે જતું કરો, લેટ ગો. જીવનરૂપી બગીચામાં સુખ, શાંતિ, સમાધિ, ક્ષમા, સમતા, સરળ તા જેવાં ફૂલો ખીલે છે ત્યારે જિંદગી જીતી જવાય છે.

# બાલ એકસપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## 'બિખરી મહેફિલનાં પતંગિયાં' હરિપ્રસાદ ત. દેસાઈ

### ગાંધી–ગંગા

(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

મહાવીર ત્યાગીની બે નાની નાની ચોપડીઓના ગુજરાતી અનુવાદનાં પુનર્મુદ્રણો હમણાં બહાર પડ્યાં છે : 'સ્વરાજની લડતના તે દિવસો' (આવૃત્તિ ચોથી) અને 'નગારખાનામાં તતૂડીનો અવાજ' (આવૃત્તિ ત્રીજી). બેય ચોપડીઓ મૂળ હિન્દીમાં ૧૯૬૩ના અરસામાં પ્રગટ થયેલી.બેય ચોપડીમાં લેખકના જીવનનાં સંસ્મરણો છે. એકનાં ૧૩૨ પાનાં છે. બીજીનાં ૧૫૨. બેમાંથી ઓછાં પાનાંવાળી 'સ્વરાજની લડતના તે દિવસો' મેં પહેલાં ખોલી, તેનાં ૧૪ પ્રકરણો છેલ્લેથી વાંચવા માંડ્યાં. વાંચતાં વાંચતાં આંખ ભીની થતી રહે, ને મોંમાંથી ખડખડાટ હાસ્ય પણ નીકળતું જાય.જે વાચકો મહાવીર ત્યાગીના નામથી પરિચિત ન હોય, તેમને માટે 'સ્વરાજની લડતના તે દિવસો' પુસ્તકમાંથી થોડો ભાગ અહીં ઉતારૂ છું : કોઈ અલૌકિક રાગિણીના ચઢતા જતા સ્વરો ઉપર મંત્રમુગ્ધ બનીને નાચનારા અમે મતવાલાઓએ ત્રીસ વર્ષ સુધી નિરંતર આ મહાનૃત્યના તાલ સાથે અમારા હૃદયની ધડકન બાંધી લીધી હતી. સંસારની બધી શકિતઓની અવગણના કરીને અમે એ સંગીતમાં મસ્ત બનીને ઘૂમતા હતા.પણ હવે પહેલાં જેવી મસ્તી નથી. એવી ધૂન નથી. દીપશિખા બુઝાઈ જતાં પતંગિયાંની મહેફિલ વીખરાઈ જાય બરાબર એવી રીતે અમારી મહેફિલ પણ બહેકી ગઈ છે. રાગ વિનાનો સ્વર, એમ બાપુ વિનાની કોંગ્રેસ. પાછલાં ચાળીસ વર્ષોમાં અમે શું શું કર્યુ, એ પણ પૂરૂં યાદ નથી. જે કર્યુ તે કોઈ નશાની મસ્તીમાં કર્યુ હતું. એમાં મુસીબતો હતી, પણ અમે હસતાં ખેલતાં કામ કરી ગયા છીએ.પણ હવે સ્વરાજને કારણે અમારા ઘણાખરા કોંગ્રેસીઓ રોજગાર વગરના ને ઠેકાણાં વિનાના થઈ ગયા છે. જે માલિકે અમને પાળ્યા હતા તે મરી ગયો. એની ચપટી વાગે કે કાન ઊંચા કરતા હતા, એની સીટી વાગે એટલે કૂદતા હતા, દોડતા હતા. એના મોં ઉપરનું સ્મિત જોઈને લટ્ટુ બની જતા. હવે અમારા ગળાનો પટો નીકળી ગયો છે અને અનાથ બનીને અમે અહીંતહીં પૂંછડી હલાવતા ફરીએ છીએ. હવે કોઈ ચપટી વગાડતું નથી, કોઈ સિસકારો કરતું નથી.જયારે અંગ્રેજો હતા ત્યારે મને રોજ રોજ કંઈ ને કંઈ કામ મળી જતું. કંઈ ન બને તો પ્રભાતફેરી કાઢતા. જયાં દસ જણ જોયા કે છાપાંની ખબરો સંભળાવતા. દૂરથી જોઈને લોકો આવકારતા. પાસે જઈએ ત્યારે સવાલ કરતા : ''કેમ, આજકાલ મહાત્મા ગાંધીજી શું કરી રહ્યા છે ? તમને તો સારી રીતે ઓળખે છે !'' ઘણા ઉત્સાહથી હું એમની વાતો કહેતો. ગાંધીજીની વાતો કરતાં હું કદી થાકતો નહીં. પણ હવે તો એ બધી વાતો સ્વપ્ન જેવી બની ગઈ છે. અંગ્રેજોના ગયા પછી એમના બબરચી વગેરે નોકરી વગરના થઈ ગયા. તેમ કોંગ્રેસ કાર્યકરો પણ કામ વિનાના બની ગયા.યાદ કરી કરીને, ગણી ગણીને દરેક નેતાનો દરવાજો હું ખખડાવી આવ્યો છું – કોઈ મદદ કરે તો હું પણ કામમાં જોડાઈ જાઉં. પરંતુ નેતાઓ પાસે હોદ્દા, પરમિટ, લાઈસન્સ, વજીફા ઘણાં છે. પણ કામ નથી.

## બિરંજ, પૂરી ને મઠો !

### બકોર પટેલની કહાણીઓ

હરિપ્રસાદ વ્યાસ

પટેલ મનમાં તો વિચારે, કે આના કરતાં ભાગે પડતા ફાળાની વાત માની લીધી હોત તો સારૂં થાત. પણ હવે શું થાય ? મફતનું ખાવાની લાયમાં આ તો આખી ઉજાણીનો ખરચ પોતાને માથે પડ્યો !

એટલામાં પટલાણી માથા પરનો સાડીનો છેડો સરખો કરતાં બોલ્યાં : ''આમે ય સરખું ને તેમે ય સરખું. આવતા રવિવારે મારી વરસગાંઠ આવે છે, એટલે નહિ તો ય ઉજાણી તો આપવાની જ હતી. આ તો ભળતા ભેગું ભળી જશે. ચાલો, જે થયું તે સારૂં થયું.'' પછી પટેલ સામું જોઈ પટલાણી ખડખડ હસી પડ્યાં.

મોડું થઈ ગયું હતું, એટલે પટેલ પટલાણીએ ઘેર જવાની રજા લીધી.

પટેલના ગયા પછી બધાં ટીમુ પંડિતને પૂછવા લાગ્યા : ''પંડિતજી, તમે આ તે શી કરામત કરી કે પટેલનું જ નામ નીકળ્યું ? અમારા તો ગભરાટનો પાર જ નહોતો, કે કોનું નામ નીકળશે ને કોનું !''

પંડિતજી કહે : ''આવતા રવિવારે આપણી ઉજાણી પતે પછી કહીશ. હમણાં નહિ. એ તો ભાઈ, જાદુઈ કરામત છે, મંતરજંતર !''

બીજે રવિવારે પટેલને ત્યાં બિરંજ, પૂરી ને મઠાની ઉજાણી બરાબર ઊજવાઈ. જમણમાં ખમણ ઢોકળાં, શરત મુજબ જુદાં જુદાં ચાર જાતના શાક, કેળાં ને રાયણનું મઝેદાર રાયતું, અથાણાં ચટણી બધું જ હતું.

મિત્રમંડળના સભ્યોએ દાબી દાબીને આ ઉજાણીમાં ભોજન લીધું. પટલાણીને તો પોતાની વરસગાંઠની ખુશાલી હતી, એટલે આગ્રહ કરી કરીને પીરસતાં હતાં.જમી પરવાર્યા પછી થોડી વાર ગપ્પાં માર્યાં ને પછી હસતાં હસતાં સૌ છૂટાં પડ્યાં.

બંગલા બહાર નીકળતાં બધાં બોલી ઊઠ્યાં : ''ટીમુ પંડિત, હવે તમે પેલી ચિઠ્ઠીનો ખુલાસો કરો. અમને તો સમજ જ પડતી નથી કે પટેલનું જ નામ શી રીતે નીકળ્યું !'' પંડિતજીએ પાનની પિચકારી મારતાં હસીને કહ્યું : ''ભલા ભાઈ, એ કંજૂસના કાકાને સીધા કરવા એવી આબાદ યુકિત મેં લડાવી હતી કે એ છટકે જ નહિ !''હાથીશંકર કહે : ''એ વાત તો અમે તમને પૂછીએ છીએ.''

પંડિતજી કહે : ''તો સાંભળો, તે દિવસે મેં જેટલી ચિઠ્ઠી બનાવેલી તે બધીમાં પટેલનું જ નામ લખ્યું હતું !'' ઘોડારામ કહે : ''હેં એએએ ? !'' બધા જ હેં હેં હેં હેં કરી ઊઠ્યા. પંડિતજી કહે : ''એ જ વાત છે ને ! બીજી એવી યુકિત લડાવેલી કે પટેલના હાથમાં બાકીની ચિઠ્ઠીઓ ગઈ જ નહિ ! ને એમ આપણી ઉજાણી ગોઠવાઈ ગઈ. હાથીશંકર કહે : ''પણ એ તો દગો કહેવાય.''

ટીમુ પંડિત બોલ્યા : ''દગો શાનો ? એ આપણને દર વખતે ગમે તેવું ફુસફુસિયું જમાડી પોતાનો વારો પતાવતા. ને ઉપરથી આપણો વારો હોય ત્યારે કહે, આ બનાવજો ને તે બનાવજો !''

ટીમુ પંડિતની વાત સાંભળી બધાં ખડખડાટ હસી પડયા. બિચારા બકોર પટેલને પંડિતની ચાલાકીની હજી યે ખબર પડી નથી, નહિ તો એમની બરાબર ખબર લઈ નાખે ! ગમે તેમ, પણ બિરંજ, પૂરીને મઠાની ઉજાણી ઊજવાઈ ખરી ! અને તે ય બકોર પટેલના પૂરા ખરચે !

પણ તે દહાડાથી ચિઠ્ઠી ઉપાડી ઉજાણી ઊજવવાની વાત જ પટેલે માંડી વાળી છે !

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### કદર કરતા શીખીએ

મોટાભાગના લોકો મનમાં એક બાબતે હંમેશા પીડાતા હોય છે કે, મને કોઈ સમજી શકતું નથી, મારી કદર કરતું નથી. કયારેક આવી વેદના સાચી પણ હોય છે. પોતાની લાગણીઓને સમજનાર કોઈક છે, તેવું જાણ્યા બાદ તેને સધિયારો મળતો હોય છે. અન્યની લાગણી સમજીને તેની કદર કરવી – ભલે માત્ર શબ્દથી.. તે વ્યકિતને જીતવા સમાન છે. આવું કાર્ય કયારેક તો માત્ર તેને સાંભળવાથી પણ થઈ શકે. નાનામાં નાના માણસના શુભ કાર્યની બે શબ્દોના થતી પ્રશંસા તેનો આત્મવિશ્વાસ જગાવે, પ્રોત્સાહનનો પ્રચંડ વેગ આપી શકે.

## બાળ દેવદૂત

બાળ કેળવણીમાં સહાયક સુવિચારોનું સંકલન

પ્રકાશક
જી.બી.મકવાણા
દિગ્વિજયસિંહ ચુડાસમા
વાલજીભાઈ રાઠોડ

૧. આપણી ઊગતી પેઢીને આપણે માનવજાત પ્રત્યે સ્નેહભાવના અને શાંતિના મહત્ત્વનું શિક્ષણ આપીએ.

૨. બાળકો નિર્દોષ છે, નિર્મળ છે અને નિખાલસ છે તેથી મને બહુ વ્હાલાં છે. ! – જવાહરલાલ નહેરુ

૩. હું ભુતકાળના ગૌરવમાં રાચતો નથી, વર્તમાનકાળને એવી રીતે વાળવા ઈચ્છું છું કે તે ભવિષ્યકાળના સુખ, સમૃધ્ધિ અને આનંદ સ્વરૂપે બાળકોને હું આવતી કાલની આબાદીનો આધારસ્થંભ માનું છું. – જવાહરલાલ નહેરુ

૪. બાળકમાં જ્ઞાન માટેની અને પ્રગતિ માટેની ઝંખના જાગૃત કરો. – શ્રી માતાજી

૫. દરેક બાળક જિજ્ઞાસુ હોય છે, શોધક હોય છે, પૃથકકરણ કરનાર અને કઠોર રહસ્યભેદક હોય છે. – શ્રી અરવિંદ

૬. દરેક બાળક રસમય વર્ણનોનું પ્રેમી, વીરપૂજક અને દેશભકત હોય છે. બાળકની આ શકિતને જાગૃત કરો. – શ્રી અરવિંદ

૭. આદર્શ બાળક વિનયી, વિનમ્ર, ખંતીલું, સ્વસ્થ અને હિંમતવાન તથા ન્યાયી હોય છે. – શ્રી માતાજી

૮. બાળકોને નાનપણથી જ સારા સંસ્કારોનું ભાથું મળે તો તેમનું ભાવિ ઉજ્જવળ બને છે.

૯. પૈસાદાર સંતાનો નથી હોતાં, વારસદારો જ હોય છે...! – યહૂદી કહેવત

૧૦. જે લોકો બાળકો જેવા છે, તે જ સહેલાઈથી રાજી થાય છે, જેઓ બાળકોને ચાહે છે અને આનંદ આપે છે તેમના માટે જ સ્વર્ગનું રાજય છે. – સ્ટીવન્સન

## સાહસ કથાના પિતા એસ.જી.વેલ્સ

લેખક હર્બર્ટ જયોર્જ



વેલ્સ (૧૮૬૬થી ૧૯૪૬) સામાન્ય રીતે એચ. જી. વેલ્સ નામે જાણીતા છે. આજની વૈજ્ઞાનિક સાહસકથાઓના એ પિતા ગણાય છે. એમનાં પુસ્તકોમાં ભવિષ્યમાં ક્યારેક જ સંભવિત એવી શોધોની વાત છે.

વેલ્સનું એક પુસ્તક છે. ''ધી ટાઈમ મશીન.'' આ યંત્રમાં બેસીને માણસ સમયમાં સફર કરીને ભૂતકાળ કે ભવિષ્યકાળમાં ધારે ત્યાં પહોંચી શકે છે. એમાં હજારો વરસ પછીની દુનિયાની સરસ વાત એમણે લખી છે.

વેલ્સની સૌથી વધુ જાણીતી વાર્તા છે ''ધી ઈન્વીઝીબલ મન'' (અદશ્ય માનવી). એક વૈજ્ઞાનિક પ્રયોગથી અદશ્ય બની ગયેલા એક માણસની મુસીબતો અને આફતોની એમાં રોમાંચક વાર્તા છે.

એમની 'ફર્સ્ટ મન ઈન ધી મૂન' (ચન્દ્રલોકમાં પહેલા માનવી) વૈજ્ઞાનિક આધારો પર રચાયેલી અભ્દુત વાર્તા છે. આ ચોપડીમાં વેલ્સે કેટલાક એવા વિચારોનું નિરૂપણ કર્યુ છે જે આજે અવકાશ વિજ્ઞાનમાં આધારભૂત બની ગયા છે.

મોટા થઈને, બીજુ કશું ન વાંચો તોય વેલ્સનાં વૈજ્ઞાનિક સાહસકથાઓનાં પુસ્તકો તો જરૂર વાંચી જજો.





બાલમિત્રો,

વેકેશનમાં મજા માણો ધોને ? કંઈ કેટલાય ધમપછાડા કર્યા હશે. આહિ જવું છે., ત્યાં જવું છે., ક્રિકેટ રમવું છે, સ્વીમીંગમાં જવું છે.।મિત્રો સાથે ફરવા જવું છે., કંઈ કેટલુંય કર્યુ હશે. અથવા મમ્મી–પપ્પા સાથે બહારગામ પણ જઈ આવ્યા હશો. ફરવાની કોને મજા ન આવે ? નવું નવું જોવાનું, માણવાનું સ્થળો, મંદિરો, તળાવો, દરિયો જોવાનું ગમે જ ને ? આવું બધું તમો કરી રહયાં હશો અથવા હાલ માણી રહયાં હશો.

પણ બાળમિત્રો, રજાઓ પુરી જવામાં છે. હવે ઘરે પાછા ફરવું જોઈએ નવા વર્ષની તૈયારી પણ કવરાની હશે ને ? પાઠયપુસ્તિકો, દફતર, નોટબુકમાં વિગેરે વિગેરે તમારો યુનિફોમાં, બુટ, મોજા, પણ તૈયાર કરવાનાં હશે. વિશાળ ખુલે એ પહેલા આવી બધી તૈયારી કરી લેવી સારી, પછી ફાંફાં મારવા ન પડે. કોઈનો ઠપકો સાંભળવો ન પડે.

અને હા, રજાઓમાં તમે જે જે કાર્ય કર્યુ હોય તેની નોંધ, નિબંધ લખી આપશો તો બાલ એકસપ્રેસમાં છાપીશું ભૂલતા નહિ...

## પગલે પગલે મોતી

### સંસ્કાર ગાથા

શ્રી ગિજુભાઈ ભરાડ પૂ.શ્રી મુકતાનંદ બાપુ

'જુવો, જુવો, આ તો સાચાં મોતી છે. હું નહોતી કહેતી કે રાજા મોટા પુણ્યશાળી છે'

ખેડૂત તો એકદમ છોભીલો પડી ગયો. એ સ્ત્રી ફરી બોલી :'તમે એ ધર્માત્માને ઓળખી જ ન શક્યા ને ગાળો ભાંડી, જેટલી જગ્યાએ એ હળ સાથે જોતરાઈને ફર્યા, એ બધી જગ્યાએ તો ડોડામાં મોતીઓ જ ફળ્યાં છે.'

ખેડૂત બિચારો શો જવાબ આપે ?

બીજે દિવસે ખેડૂત એની પત્ની સાથે રાજદરબારમાં ગયો અને ભરદરબારમાં રાજાના પગલે–પગલે મોતીઓ ફળ્યાં, એની વાત માંડીને કરી.

ખેડૂત વાત પૂરી કરીને રાજાનાં ચરણોમાં ઢળી પડયો.

'હે ધર્માત્મા, મને માફ કરો. ગરીબાઈએ મારી બુદ્ધિને ભ્રષ્ટ કરી નાખી હતી. આપને મેં ખૂબ દુ:ખ દીધું અને બદલામાં આપે મને સાચાં મોતીઓ આપ્યાં. આપ ખરેખર દેવતા છો.'

ખેડૂત–પત્નીએ રાજાના ચરણો પાસે મોતીઓનો ઢગલો કરીને કહ્યું : 'આ છે પ્રજા પાલકના પુણ્યોનો પુનિત પ્રસાદ'

રાજાએ ખેડૂતને ભેટીને કહ્યું : 'મારા ભાઈ, તું વાતને સાચી રીતે સમજયો જ નથી. આ મોતી મારા પુણ્યનો બદલો નથી, પણ તારી આ પવિત્ર પત્નીના આશીર્વાદ છે. મારા કહેવાથી તેં તારી પત્નીને છૂટી કરી, એટલે એ પવિત્ર–સ્ત્રીના રૂવે રૂંવેથી મારા માટે આશીર્વાદ ફૂટી નિકળ્યા અને એ અશીર્વાદ આ મોતીઓ રૂપે પ્રગટયાં. તું મારી નહિ, પણ મારી આ પવિત્ર–બહેનની માફી માગ.' 'ના, મહારાજ, ના. એમણે કોઈ અપરાધ કર્યો નથી. હું તો એમનું અડધું અંગ છું. મારે તો એમને બધી બાબતોમાં સાથ દેવો જોઈએ. એમના સુખે સુખી અને એમના દુ:ખે દુ:ખી થવાનો મારો ધર્મ છે.' એ અટકી. પોતાની ઊભરાતી આંખોના આંસુ લૂછીને એ બોલી :'બીજો બળદ જ ન હોય તો મારા લાચાર પતિ મને હળે ન જોતરે તો કરે પણ શું ?


રાજા મટકું માર્યા વિના, મુગ્ધ આંખોમાંથી પોતાના રાજયની એક ઉદાર નારીને જોતો જ રહ્યો અને મનોમન હરખાતો પણ રહ્યો. પગ પાસે પડેલાં મોતીના ઢગલામાંથી એણે એક મોતી ઉઠાવ્યું ને કહ્યું : 'ખરેખર, તારા જેવી અન્નપૂર્ણા નારીઓથી આ જગત હર્યુંભર્યુ છે.

બહેન, આ સાચાં મોતી તું રાખ. તેમાનું એક મોતી તારા પુનિત આશીર્વાદનું લેખીને રાખી લઉં છું. એ મોતી મારા રાજમુકુટમાં જડાવીશ, જેથી મને એક વાત સતત યાદ રહે કે તારા જેવી નારીથી જ મારૂં રાજય અખંડ રહેશે ને પ્રજા પ્રત્યેની મારી ફરજને લીલીછમ રહેવા દેશે.'

## અસફળતાનું રહસ્ય

### બાળ નિર્માણની વાર્તાઓ

ડો.આશાબહેન એ.શાહ – સરસિજ



પ્રાચીનકાળની વાત છે. એક વિદ્વાન સંસ્કૃતના જાણકાર હતા. પોતાની વિદ્યા માટે દૂર દૂર સુધી પ્રખ્યાત હતા. દેશ–દેશાંતરના વિદ્યાર્થીઓ એમની પાઠશાળામાં ભણવા આવતા હતા. એ પાઠશાળામાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા તેઓ પણ જ્ઞાની બની જતા હતા. એનું કારણ એ હતું કે ગુરૂજી ઘણી જ કાળજીથી વિદ્યાર્થીઓને ભણાવતા હતા. તે બધાનું ધ્યાન રાખતા હતા.એ આશ્રમમાં વોપદેવ નામનો એક વિદ્યાર્થી હતો. એના માતાપિતાએ વિચાર્યુ હતું કે તે આશ્રમમાં રહીને સદાચારી બનશે. પરંતુ વોપદેવનું મન ભણવામાં લાગતું ન હતું. ગુરૂ જયારે વર્ગમાં ભણાવતા હોય ત્યારે તે બહાર જોયા કરતો હતો. તો ક્યારેક કોઈ મિત્ર સાથે વાતો કર્યા કરતો હતો. તેણે વિચારી લીધું હતું કે મારા ભાગ્યમાં વિદ્યા છે જ નહીં.

ગુરૂજીને ઘણું દુ:ખ થતું હતું કે વોપદેવ જો મહેનત નહીં કરે તો ભોટ જ રહી જશે. એમણે વોપદેવને ઘણી વખત સમજાવ્યો કે ભાઈ ! મનુષ્યનું ભાગ્યએવું જ બની જાય છે, જેવું તે કાર્ય કરે છે. વિદ્યાર્થીજીવન જિંદગીનો સોનેરી સમય છે. તું આ સમયમાં જેટલી મહેનત કરીશ એટલો જ મહાન બનીશ. પણ વોપદેવની સમજમાં ગુરૂજીની વાત આવી નહિ. એણે તો કામમાં પણ જીવ ચોરવાનું શરૂ કર્યુ. 'નવરા બેઠા નખ્ખોદ વાળે' એમ વોપદેવ પણ આખો દિવસ કંઈને કંઈ ઉદ્ધતાઈ કરતો રહેતો. એક દિવસે વોપદેવે હરણીના નવજાત બચ્ચાને સંતાડી દીધું. હરણી ચારે બાજુ ફરી ફરીને થાકી. બાળકને શોધતાં શોધતાં વ્યાકુળ બની ગઈ. શોધ કરતાં કરતા છેવટે કુટિરમાંથી સંતાડેલું બચ્ચું મળ્યું. તપાસ કરતાં આ પરાક્રમ વોપદેવનું છે, એમ બહાર આવ્યું.

ગુરૂજી પાસે એ બધી વાત આવતાં એમને ખૂબ ગુસ્સો આવ્યો. વોપદેવ એક તો ભણતો નથી અને બીજું પ્રાણીઓને હેરાન કરવાનું શીખ્યો છે. આખો દિવસ ઊલટાં કામ કર્યા કરે છે. એમણે વોપદેવને ખૂબ ધમકાવ્યો અને આશ્રમમાંથી કાઢી મૂકયો. (ક્રમશ:)

# શ્રેષ્ઠ પરોપકારી કોણ

અ ા
સમાચાર સાંભળતા જ સોમદત્ત ઘણો ઉદાસ થઈ ગયો. એનું દિલ સંસારમાંથી ઉઠી ગયું. અને વૈરાગ્ય લેવાનો વિચાર કરી લીધો.

ત્યાં જ સુવર્ણલતાની ખાસ સહેલી આવી. સોમદત્તને એક પત્ર આપી ચાલી ગઈ. આ પત્ર સુવર્ણલતાએ મોકલેલ. પત્રમાં સુવર્ણલતાએ સોમદત્તને પ્રેમ કરે છે એ વાતનો સ્વીકાર કરેલ. અને જણાવેલ કે લગ્ન થયા પછી એ જરૂરથી આવીને મળશે.

પત્ર વાંચતા જ સોમદત્ત ઘણો ખુશ થઈ ગયો. જાણે આખા જગતની ખુશી મળી ગઈ હોય...

થોડા દિવસ બાદ સુવર્ણલતાના લગ્ન લેવાયા. લગ્નની રાત્રે ચંદ્રહાસ સુવર્ણલતાનો હાથ પકડે છે તો સુવર્ણલતા જોરથી પોતાનો હાથ છોડાવી લે છે.

'શું વાત છે? તારે જે કાંઈ કહેવું હોય એ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દે, ડરવાની કોઈ જરૂર નથી.' ચંદ્રહાસે

૨૫-વાર્તાઓ
**વિક્રમ – વેતાલ**
સાગર પબ્લીકેશન-ગાંધીરોડ-અમદાવાદ

કહ્યું.

સુવર્ણલતા બોલી – 'હું સોમદત્ત નામના એક યુવકને અનહદ પ્રેમ કરૂ છું. હું એના વગર જીવી શકું તેમ નથી.'

'શું, તારે એની પાસે જવું છે?' ચંદ્રહાસે પૂછ્યું.

'હા' સુવર્ણલતાએ કહ્યું.

'તું ખુશીથી જઈ શકે છે.' આમ કહી ચંદ્રહાસ ઓરડામાંથી બહાર નીકળી ગયો.

આ સાંભળી સુવર્ણલતા વિચારમાં પડી ગઈ. મધરાતનો સમય હતો. એના શરીર પર હજી લગ્નના જ કપડાં તેમજ ઘરેણાં પહેરેલા હતા. એ સોમદત્તને મળવા માટે ધીમા પગલે ઘરની બહાર નીકળી અને સોમદત્તના ઘર તરફ ચાલી નીકળી.

અચાનક એક ચોરની નજર સુવર્ણલતા પર પડી. ચોરે એનો રસ્તો રોક્યો અને કહ્યું – 'તારા શરીર ઉપર રહેલા બધાં ઘરેણાં મને આપી દે.'

સુવર્ણલતાએ આજીજીભર્યા અવાજે કહ્યું – 'ભાઈ, મને મારા પ્રેમીને મળવા જવા દો. પાછી આવીશ ત્યારે હું તમને બધાં ઘરેણાં આપી દઈશ. આ મારૂ વચન છે.'

ચોરે એની વાત પરવિસ રાખી કહ્યું – 'સારૂ, હું અહીં જ તારી રાહ જોતો બેઠો છું.'

સુવર્ણલતા ચોરને પાછા આવવાનું વચન આપી સોમદત્ત પાસે ગઈ. સોમદત્ત સુવર્ણલતાને જોતાં જ ગભરાઈ ગયો.

'અરે... તું...'

'હા, મેં પત્રમાં લખ્યું હતું કે લગ્ન પછી હું જરૂર આવીશ. તો હું આવી ગઈ છું. **(ક્રમશઃ)**

# ટાબરીયાનું જંગ : જાવું જરૂર છે; મંઝિલ છો દૂર છે!

જાવું જરૂર છે! મંઝિલ છો દૂર છે! ગાતાં ગાતાં નીકળીશું; હિંમત જરૂર છે! મક્કમ નિર્ધાર છે; જોસ ભરપૂર છે, મંઝિલ માટે ધપતો રહે એ ખરો શૂર છે.ટાબરિયાંઓ આવું આવું કંઈક ગાતાં રહ્યાં. આગળ જવું હતું. આવતીકાલે નીકળ વાનો વિચાર કરી લીધો. કારણ કે રાત્રી રોકાણ માટે કોતરને આંબલીનાં ઘટાદાર ઝાડવાં – વધારે સલામતને સગવડતા ધરાવતી જગ્યા લાગતી હતી.આંબલીની સૂક્કી ડાળખીઓ ને પાંદડાંનો કચરો-તાપણું સળ ગાવવાની સરળતા થઈ ગઈ. ધરાએ કોતરની ભીની ભેખડમાંથી દાતરડાં વડે કંદમૂળ ખોદી કાઢ્યાં. વિશુએ સાફ કર્યા. ગરમ પાણીમાં બાફવા મૂકી દીધાં. હીરોને માટે બચાવી રાખેલ છેલ્લો બટાકો ભૂંજવા માંડ્યો. ઉકળતાં પાણીમાં કંદ બફાઈ ગયાં પછી તેની જાડી છાલ કાતરી લીધી. નાના નાના ટુકડા કર્યા. ને ફરીથી ગરમ પાણીમાં બોળી રાખ્યાં. ખાવા માટે દિશાએ હાથ નાખ્યો કે ધરાએ તેને અટકાવી. સમજાવી કે કંદમૂળનું ઝેર કાઢી નાખવા તેને પુષ્કળ બાફવા પડે છે. ને ઘણી લાંબી પ્રક્રિયા કરવી પડે છે. અત્યારે એ ખાશે તો મોંમાં ફોલ્લા થવાની શક્યતા રહે છે. આ બધું ડાયરીમાં નોંધેલું છે એ પણ સમજાવ્યું. અહીંનાં સ્થાનિક લોકો પણ આ રીતે જ કંદમૂળ ખાય છે એમ કહ્યું. દિશાએ કહ્યું કે આના કરતાં તો આંબળા આંબલી સારી. પછી તેણે આંબળું લઈને ચૂસવા માંડ્યું.એવામાં પિસ્તોલનાં ત્રણેક ધડાકા થયા. વિશુએ પાણીમાં પિસ્તોલ તાકી હતી. એક મોટી તરફડતી માછલી ધરામાંથી કાઢી લાવ્યો. છરા વડે ભીંગડા સાફ કર્યા. કાપા પાડયાં. માછલીની ચૂઈ આગળ મોટો કાપો કરી કચરો કાઢ્યો. કાપાઓમાં મીઠું મસાલો ભભરાવીને શેકવાની તૈયારી કરી."છી છી! તું આવું ખાશે?" ધરાએ તિરસ્કાર વ્યકત કર્યો.' 'જંગલમાં રહેવું હોય તો જંગલી થવું પડે. અહીં જે મળે તે ખાવાનું ને એ રીતે જીવવાનું.""પણ જંગલમાં ફૂલ, ફળ, કંદમૂળ, અનાજ ને ભાજીપાલાની ક્યાં ખોટ છે?" ધરાએ દલીલ કરી.

"હા, એ ભાજીપાલાથી શરીરને પ્રોટીનની ઉણપ રહે. એ કમીપૂરી કરવા આવું આવું ખાવું પડે." વિશુએ તર્ક લડાવ્યો.

પછી વિશુએ સોગંદ ખાઈને કહ્યું કે તે ક્યારેય સસલાં હરણાં મારીને જીવ લઈને માંસાહાર કરશે નહી. ત્યારે ધરાને કંઈક ધરપત વળી.પછી ધરાએ હીરોને શેકેલો બટાકો કેવી રીતે ખવડાવીશું એની મૂંઝવણ જણાવી. દિશાએ કહ્યું કે હું બટાકો છુંદીને નરમ નરમ માવો ખવડાવી શકું. હીરોને મજા પડી ગઈ. એ કિલકારી કરવા લાગ્યો. સૌને આનંદ આનંદ થઈ ગયો. **(ક્રમશઃ)**

# રમતાં રમતાં ગાઈએ



ફેરફુદરડી ફરતાં ફરતાં ગોળફુદરડી ફરતાં ફરતાં અમે ફેરફુદરડી ફરતાં'તાં અમે ગોળફુદરડી ફરતાં'તાં પડી જવાની કેવી મજા! અમે સાતતાળી રમતાં'તાં અમે દોટમદોટ કરતાં'તાં દોટમદોટ કરતાં કરતાં બેસી જવાની કેવી મજા! અમે આંબળી-પીપળી રમતાં'તાં અમે ઝાડે ઝાડે ચડતાં'તાં ઝાડે ઝાડે ચડતાં ચડતાં પડી જવાની કેવી મજા! અમે સંતાકૂકડી રમતાં'તાં અમે ખોળંખોળાં કરતાં'તાં ખોળંખોળાં કરતાં કરતાં સંતાઈ જવાની કેવી મજા!

બાલ એક્સપ્રેસ
પ્રિન્સીપાલ/ટ્રસ્ટી
શ્રી રવજીભાઈ કાચા સાહેબ
શ્રી દિપક હાઈસ્કુલ
શ્રી રૂપાયતન સ્કૂલ-અમરેલી
મો.૯૪૦૮૧ ૫૭૦૭૨

# ચિત્રમાં રંગ પુરો



# જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા સ્વામૃતમાંથી વહેલા

**સ્કંધ પહેલો**

૧. વિધિપૂર્વક ઉપવાસ કરવાથી પાપ બળે છે.
૨. મનને સ્વચ્છ રાખો.
૩. લક્ષ્મી ચંચલ છે. અમુક પેઢીએ તો તે જવાની જ.
૪. સ્વભાવ અતિશય ઠંડો રાખો. કાળ, કર્મ અને સ્વભાવ જીવને દુઃખ આપે છે.૫. જે વ્યકિતના ચારિત્રની ખબર ન હોય તેવા માણસને સ્પર્શ કરવો નહીં. ૬. જે વ્યકિતને સ્પર્શ કરો, તેના શરીરના પરમાણુંઓ સ્પર્શ કરતાં જ શરીરમાં દાખલ થાય છે.૭. કલિનું સ્થાન : જુગાર, મદિરાપાન, સ્ત્રીસંગ અને હિંસા અનુક્રમે અસત્ય મદ, આસકિત અને નિર્દયતા.
૮. સુવર્ણ પાપથી ઘરમાં આવે તો તે કલિનું સ્વરૂપ કહેવાય છે.
૯. અનીતિનું ધન કમાનારને તો દુઃખ આપે છે પણ જો તે વારસામાં પણ કોઈ મૂકી જાય તો તેના વારસોને પણ દુઃખ આપે છે.
૧૦. કોઈ સંત જપ ધ્યાનમાં બેઠા હોય, તો તેમની સાથે લૌકિક વાત કરશો નહીં.

# જીવન રસાયણ : ઉત્સાહ

જીવનના પ્રમુખ રસાયણોમાં ઉત્સાહ છે. કેટલાક લોકોમાં એ કુદરતદત્ત અને પરાકાષ્ઠાએ હોય છે, તમે તેઓની સાથે હો ત્યારે નવા નવા સંકલ્પો થાય અને તેમને ઘોડે ચડવાનું મન થાય. જેનામાં ઉત્સાહ હોય છે રોકી શકતું નથી, એ વહે છે ત્યારે મહાનદના બૃહદ્પટ જેમ બે ય કાંઠાને આવરી લે છે અને ધારો કે આગળ જતા કયાંક પટકાય છે તો ત્યાંય ધોધનું નયનરમ્ય દશ્ય બની જાય છે. તેઓ જોતજોતામાં કાર્યારંભ કરી દે છે અને હરીફો મૂર્હૂત શોધતા હોય ત્યાં

**જ્ઞાનજ્યોતિ**
શ્રી ગિજુભાઈ ભરાડ

તેઓને જ જીવિત જાણવા એવું શાસ્ત્ર કહે છે. તેઓ થાકતા નથી અને પરિણામોની પરવા કરતા નથી. સફળતા-વિફળતાની પરિભાષાના વર્તુળની બહાર તેમણે પોતાનું એક એવું વિરાટ આકાશ સર્જી લીધું હોય છે કે બસ ખંતથી એ આભની નીચે જાણે કે તેઓ ખેતી કર્યા કરે છે. એમના ઉત્સાહને કોઈ જ તેઓ અર્ધુ કાર્ય તો સંપન્ન કરી લે છે. એમને કામ કરતા જુઓ એટલે જાણે ઊડતો ઘોડો! કોણ શું કહે છે કે કહેશે એની પણ એમને કંઈ પડી હોતી નથી. એ તો બસ ઉત્સાહમાં ઉપાડેલા કામો એક પછી એક પૂરા કરતા જાય અને નવા આરંભતા જાય. સફળતા એને પગલે પગલે અનુસરતી હોય છે.

# પ્રાર્થનામાં અશ્રધ્ધા

મિ. ડ્ર્યુએટ તો પાદરી હતા. આથી એમના ઘરમાં ચેપલ (નાનું દેવળ) હતું. ત્યાં ઘરનાં બધાં જ સભ્યોએ રોજ સવાર સાંજ હિંદુ બાળકોને તો હાલરડામાંથી જ ધર્મના અને પ્રાર્થનાના સંસ્કારો મળતા હોય છે. દાદા-દાદી, ઘરનાં વડીલોને માતા પાસેથી રામાયણ,

**શ્રી અરવિંદ જીવનધારા**
ગુજરાત સાહિત્ય અકાદમી — લેખકશ્રી : જ્યોતિબહેન થાનકી

ફરજિયાત પ્રાર્થના કરવી પડતી. ત્યારે શ્રી અરવિંદને પ્રાર્થનામાં બિલકુલ શ્રધ્ધા ન હતી. બીજા બધાં ફરજિયાત કાર્યો જેવું જ આ એક ફરજિયાત કાર્ય એમને લાગતું. અને તેથી તેઓ યત્રંવત્ શબ્દો રટી જતા. ત્યારે ભગવાને શું કહેવાય એની એમને ખબર ન હતી. કેમ કે અન્ય મહાભારત અને પુરાણની કથાઓ સાંભળીને ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા દઢ થતી હોય છે. પર શ્રી અરવિંદને તો આવું વાતાવરણ કયાંય મળ્યું જ ન હતું. ઊલટાનો તેમનો ઉછેર એવા વાતાવરણમાં થયો કે જયાં ધર્મની શ્રધ્ધા તો શું. પણ તેનું નામનિશાન પણ ન મળે!

# નિઃસ્વાર્થ સેવા કરો

શું તમે તદ્ન સ્વાર્થી છો, કે કોઈકવાર તમે બીજાઓનો પણ વિચાર કરો છો? સ્વાર્થી માણસને કદી શાંતિ હોતી નથી. જવાનો રસ્તો તે શોધતી હતી. મેં તેને કહ્યું, "બહેન! ગભરાઈશ નહિ; હું તને તારા ઘર સુધી મૂકી જઈશ." થોડી જ વારમાં અમે

**માનસિક શાંતિનાં સચોટ ઉપાયો**
લેખક શ્રી એન.આનંદનારાયનન્

ઊલટાનું જો તમે નિઃસ્વાર્થી હો, તમે બીજાની સેવા કોઈપણ જાતના બદલાની આશા વિના કરતા હો, તો તમને ઘણી જ શાંતિનો અનુભવ થશે.

નિષ્કામ સેવા શુદ્ધ આનંદની જનની છે. બીજાને સુખી કરો. તેમનું સુખ જોઈ તમને આનંદ થશે. આ એક એવો ખુલ્લો માર્ગ છે કે જેનો દરેક જણ અનુભવ કરી શકે છે.કોઈપણ જાતના બદલા કે કદરની અપેક્ષા રાખ્યા વગર બીજાની નાની કે મોટી સેવા, જે કાંઈ મળી આવે તે કરો. પણ સેવા ખાતર જ સેવા કરો. જયારે જયારે તક મળે ત્યારે ત્યારે સેવા કરો. પ્રત્યેક અવસરે સેવા કરો.

આશરે વીસ વર્ષ પહેલાની વાત છે. એક મોટા શહેરમાં, મોડી સાંજે હું ફરવા નીકળ્યો હતો. એક શાંત ખૂણામાં એક છોકરી ઊભી હતી. તેણે મને રોક્યો અને આજીજીપૂર્વક કહ્યું, "બાબુજી! મને ડર લાગે છે." એક ક્ષણમાં જ હું પરિસ્થિતિ સમજી ગયો. તે એકાંત સ્થળમાં એક ટાંગાવાળો તેની પાછળ પડ્યો હતો. ભયની મારી તેને દિશાનું ભાન રહ્યું નહોતું અને તેને ઘેર એના ઘર તરફ જવાનો રસ્તો શોધી કાઢ્યો. તેનું ઘર અમે ઊભાં હતાં ત્યાંથી માત્ર એક ફર્લીંગ જ દૂર હતું. હું એને એના ઘર સુધી મૂકી આવ્યો અને પછી મારે રસ્તે આગળ વધ્યો.આ એક તુચ્છ-નજીવી સેવા હતી. તેની પાછળ મારે એક નવો પૈસો પણ ખર્ચવો પડયો નથી. પરંતુ, આ નિષ્કામ સેવામાં જે આનંદ અને સંતોષ મેં અનુભવ્યા તે આજે પણ મારા સ્મરણમાં તાજા જ છે. એવા ઘણા રસ્તા છે કે જે દ્વારા આપણે બીજાને મામૂલી કે સહેજ પણ ઘરનો ખર્ચ કર્યા વગર મદદ કરી શકીએ. શુદ્ધ હૃદય હોય એટલે ઘણું.જીવનમાં જે મનુષ્ય માનસિક શાંતિ ઝંખે છે તેણે દરેક તબક્કે સારા – નરસાનો વિવેક કરતાં શીખવું જોઈએ. શું સાચું છે? ખોટું છે? શું શકય છે? અમુક ખાસ પરિસ્થિતિમાં ડાહ્યા અને સમજદાર માસણોએ કયો માર્ગ સુચવ્યો છે? ધર્મશાસ્ત્રીએ શો રસ્તે બતાવ્યો છે? તમારૂ અંતઃકરણ શું કહે છે? આવી જ પસ્થિતિમાં મહાન આત્માઓ કેવી રીતે વર્ત્યા છે? વગેરેનો વિચાર કરવો જોઈએ.

# આદેશાત્મક ચિહનો

**પ્રવેશ બંધ (No**




**Entry)** : આ નિશાની તમામ પ્રકારનાં વાહનો માટે દર્શાવેલ દિશામાં **પ્રવેશ નથી (No Entry)** તેમ દર્શાવે છે. આ પ્રકારનું ચિહન એક માર્ગી રસ્તા માટે વિપરીત

નવી પેઢી - નવો સંકલ્પ
**સલામત માર્ગ**

દિશામાંથી પ્રવેશ ન કરવા માટેનો આદેશ કરે છે.

# ગધેડો બન્યો વાઘ

ધના ધોબી પાસે એક ગધેડો હતો – ગલ્લુ ગધેડો. ગામથી નદી ઘણી દૂર હતી. ધનો દર આંતરે દિવસે કપડાનું મોટું પોટલું ગલ્લુ ગધેડા ઉપર મૂકી નદીએ કપડાં ધોવા જતો. વળતી વખતે તો કપડાં ભીનાં હોય એટલે વજન ઓર વધી જતું. આમેય ગલ્લુ હતો જ સૂકલકડી!

ધનો તેને પુરતું ઘાસ કેખાવાનું આપી શકતો નહિ. નદીએ જતી વખતે રસ્તામાં ખેતરો આવતાં લીલાછમ હરિયાણા... તેમાં ઉગેલો લીલો લીલો પાક જોઈ ગલ્લુના મોઢામાં પાણી આવી જતું અને એ લીલોતરી ઉપર મોઢું મારવાની ઈચ્છા પણ થતી ગલ્લે પોતાનું મોં લાંબુ પણ કરતો, પરંતુ તરત જ પાછળથી ધનાનું ડફણું પડતું એટલે ગલ્લુ અટકી જતો!

ગલ્લુ દિવસે દિવસે સુકાતો જતો હતો, તેની શકિત પણ ઘટતી જતી હતી. કામ થતું નહોતું, તો પણ કામ કરવું પડતું હતું અને પૂરતું ખાવાનું પણ મળતું નહોતું. શું કરવું તેની ના તો ગલ્લુને ખબર પડતી હતી કે ના ધનાને!

એક દિવસ બન્યું એવું કે અડધી રાતે ગલ્લુને બાંધેલું દોરડું છૂટી ગયું. કદાચ ધનાએ બરાબર ગાંઠ નહિ મારી હોય! ગલ્લુ છૂટી ગયો... અને તેને પેલાં લીલાં લીલાં હરિયાળા ખેતરો યાદ આવી ગયાં. રાતનો ટાઈમ હતો એટલે ખેતર સૂનાં જ હશે. ગલ્લુએ તો ઊંધું ઘાલીને ખેતરો તરફ દોટ મૂકી. રસ્તામાં અચાનક ગલ્લુએ એક નવાઈ જોઈ. એક વાઘની ખાલ પડેલી જોઈ. આજુબાજુ લોહી પણ હતું. ગલ્લુને લાગ્યું કે વાઘની બીજા કોઈ વધારે શકિતશાળી જાનવર સાથે લડાઈ થઈ હશે અને તે તેમાં ઘાયલ થયો હશે. બીજું જાનવર વાઘનું માંસ ખાઈ ગયું હશે અને ખાલ એમ ને એમ છોડી દીધી હશે. ગલ્લુ થોડીવાર તો વિચાર કરતો




રહ્યો, પછીતેને એક આઈડિયા આવ્યો. તેણે વાઘની ખાલ ઉપાડીને પહેરી લીધી. નવાઈની વાત તો એ હતી કે તેને એ ખાલ બરાબર બંધ બેસતી આવી ગઈ. તે હવે ગધેડો નહોતો, પણ વાઘ હતો. તે પેલાં ખેતરો તરફ આગળ વધ્યો. રસ્તામાં જે પણ પ્રાણીઓ તેને સામાં મળ્યાં, તે બધાં જ તેને વાઘ સમજી ડરીને ભાગી ગયાં. અરે! એક માણસ સામો મળ્યો તો તે તો, "વા..ઘ.. વા..ઘ.." કરતો ઊભી પૂંછડીએ ગામ ભણી દોડી ગયો. ગલ્લુને તો મજા પડી ગઈ. તે તો આરામથી ટહેલતો ટહેલતો ખેતરો તરફ પહોંચી ગયો. ખેતરમાં રખોપું કરવા કોઈક માણસ હતો. તેણે અવાજ થવાથી બેટરી મારીને ગલ્લુ તરફ જોયું, પણ વાઘ જોઈને જ તે ભડક્યો અને બેટરી પણ ફેંકીને "વા..ઘ..વા..ઘ.." કરતો ચીસો પાડતો ગામ તરફ ભાગ્યો.

ગલ્લુને તો મજા પડી ગઈ. લીલો લીલો પાક અને કૂણું કૂણું ઘાસ તે નિરાંતે ખાવા લાગ્યો. લગભગ આખી રાત તે ઘાસ અને પાક ખાતો રહ્યો. વધારે ખવાઈ જવાના કારણે તેને આફરો ચઢ્યો, એટલે તે તો ત્યાં જ ઊંઘી ગયો. આખી રાત પડયો રહ્યો.

વહેલી સવારે ખેતરનો માલિક ખેતરમાં આવ્યો. તેણે પોતાના ખેતરમાં વાઘને નિરાંતે ઊંઘતો જોયો એટલે તેને તો બીક લાગી, પણ એટલામાં ગામમાં કોઈક ગધેડીએ હોં...ચી... હોં...ચી... કરવાનું ચાલુ કરી દીધું. ઊંઘમાં પડેલા ગલ્લુએ પણ આહોં..ચી.. હોં..ચી.. સાંભળ્યું, એટલે તેણે તો ઊંઘમાં પણ જાગતાં પહેલાં જ ચાલુ કરી દીધું હોં..ચી...હોં..ચી... ખેતરના માલિકે આ સાંભળ્યું એટલે તે સમજી ગયો કે આ તો ગધેડો છે અને વાઘનું ચામડું પહેરીને આવ્યો છે એટલે તેણે તો ખેતરમાંથી મોટો વાંસ ખેંચી કાઢયો અને ગલ્લુને ઝૂડી કાઢ્યો. ગલ્લુ તો "હોં..ચી.. હોં..ચી.. કરતો ઊભી પૂંછડીએ ધનાના ઘર તરફ ભાગ્યો!"

**અર્જુનસિંહ કે. રાઉલજી**


# વાંદરભાઈ ચાલ્યા નિશાળે



હૂપ હૂપ કરતા
નિશાળે આવ્યા વાંદરભાઈ એક
ડાળથી બીજી ડાળીએ કૂદતા
વાંદરભાઈ ઘડીક નીચે જુએ
ઘડીક જુએ ઉપર ભફાંગ કરીને
કૂદકો મારી નીચે ઊતર્યા
વાંદરભાઈ ચિન્ટુભાઈ,
પીન્ટુભાઈ ભાગ્યા જોઈ
વાંદરભાઈ દફતરમાંથી કાઢી
નાસ્તો કરી ગયા સફાચટ પછી
ચોપડી કાઢી અંદર જોતા ફટાફટ
ગાંધીજીના ત્રણેય વાંદરને જોઈ
વિચાર-ઝોલે ચઢી ગયા 'ના સૂન
બૂરા, ના બોલ બૂરા, ના દેખ
બૂરા'નો સંદેશ પઢી ગયા. પછી
એક ડાળીથી બીજી ડાળીએ
કૂદતા નિશાળ છોડી હૂપ હૂપ
કરતા ભાગ્યા વાંદરભાઈ.

**રમેશ પ્રજાપતિ**

# જરા ધ્યાનથી જુઓ....



આ બે ચિત્રો દેખાય છે. સરખા, પરંતુ બંન્નેમાં કમ-સે-કમ પાંચ ફેર છે. પાંચ મિનિટમાં શોધી કાઢો... જવાબ : ૧) મુખપૃષ્ઠ (ટાઈટલ) ૨) દીવાદાંડીની બારીઓ, ૩) પુસ્તક પાસેની છીપ, ૪) બહેનનાં માથા પરનું વાદળ, ૫) સૂરજદાદાનું મુખ


# આ મારું ચિત્ર છે




**ચાવડા જેન્સી ખોડીદાસભાઈ**
( મોટા માંડવડા પ્રા.શાળા)



**દાફડા વિરલ પ્રવિનભાઈ**
(ધો.૮, મોટા માંડવડા પ્રા.શાળા)



**શિયાળ વિરલ ચેતનભાઈ**
( ધો.૪ , પાણિયા પ્રાથમિક શાળા)



**ડભી કૃપાલી ભરતભાઈ**
(ધો. ૮, પાણિયા પ્રાથમિક શાળા)

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી શહેરમાં વધતી જતી ટ્રાફિક સમસ્યાને

સમસ્યા સર્જવીએ નિયમ વિરૂધ્ધ છે. આગામી દિવસોમાં ટ્રાફિકને અવરોધતા વાહનોને પોલીસ દ્વારા ત્વરિત અસરથી જપ્ત (ડિટેઈન) કરવામાં આવશે.

પોલીસ તંત્ર દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે, હવે પછી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે માત્ર દંડ જ નહીં, પરંતુ જરૂર પડ્યે કાયદાની કલમો મુજબ કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. પોલીસની આ ઝુંબેશ આગામી સમયમાં સમગ્ર શહેરમાં સઘન રીતે ચલાવવામાં આવશે.

પી.આઈ. દ્વારા વેપારીઓને 'ટ્રાફિક મિત્ર' બનીને સહકાર આપવા અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, વેપારી જો પોતાના પાર્કિંગનું યોગ્ય આયોજન કરશે, તો ગ્રાહકોને પણ સુવિધા રહેશે અને શહેરને ટ્રાફિકની ગૂંચવણમાંથી લોકોને મુકિત મળશે.

અમરેલી સીટી પોલીસનું મુખ્ય લક્ષ્ય શહેરના નાગરિકોને સલામત અને ટ્રાફિક મુકત મુસાફરી પૂરી પાડવાનું છે. આ કામગીરીમાં તમામ વેપારી મિત્રો અને નાગરિકોના સક્રિય સહકારની અપેક્ષા છે. નિયમોનું પાલન કરવું એ માત્ર કાયદો નથી, પરંતુ નાગરિક તરીકે આપણી જવાબદારી પણ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી ખાતે જનકલ્યાણકારી યોજનાઓની

સાંસદએ, જિલ્લામાં સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે નાગરિકો માટે થયેલા વિકાસ કાર્યો માટે અભિનંદન પાઠવી હજી વધુ સારા કાર્યો કરવા ઉપરાંત છેવાડાના લાભાર્થી સુધી પહોંચ સુનિશ્ચિત કરવા માટે અનુરોધ કર્યો હતો.

કેન્દ્ર સરકારની યોજનાઓ અને પ્રકલ્પો વધુ પ્રભાવી રીતે નાગરિકો સુધી પહોંચે તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પણ સાંસદએ પૂરૂં પાડ્યું હતું.

સાંસદે નાગરિકોને નાના ઉદ્યોગ માટે સરળતાથી લોન મળી રહે માટે જરૂરી સૂચનાઓ અને નિર્દેશ આપ્યા હતા. આ ઉપરાંત બીએસએનએલ નેટવર્ક, રેલવે, વીજળી, રોડ–રસ્તા રિસર્ફેસિંગ સહિતના પ્રશ્નોના નિરાકરણ માટે વિવિધ કચેરીઓના વડાઓ સાથે પરામર્શ કર્યો હતો. જિલ્લામાં ભૌતિક સુવિધાઓ થકી જનસુખાકારીમાં વધારો થાય તે માટે સાંસદએ સૂચન કર્યું હતું.

આ બેઠકમાં મનરેગા, દીનદયાળ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી, રાષ્ટ્રીય કૃષિ તથા પરંપરાગત કૃષિ વિકાસ યોજના, આત્મા, સ્વામિત્વ યોજના, રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન, સ્વચ્છ ભારત મિશન, નેશનલ એનિમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ, નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલોપમેન્ટ, ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સ્કીમ, સેફટી એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન, બેટી બચાવો બેટી પઢાવો, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, નેશનલ હેલ્થ મિશન નેશનલ ટયુબર કલોસીસ એલિમિનેશન પ્રોગ્રામ, સમગ્ર શિક્ષા, પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ, સુગમ્ય ભારત અભિયાન, નેશનલ ફૂડ સિક્યુરિટી એકટ, ખેલો ઈન્ડિયા ૨.૦ સહિતની પ્રજાલક્ષી યોજનાઓ અને અભિયાનોના લક્ષ્યાંક સામે સિદ્ધિઓની સમીક્ષા કરી હતી. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં કામગીરી સારી રીતે આગળ ધપી રહી છે.

સાવરકુંડલા–લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજાએ પણ પ્રજાકીય પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકનું સંચાલન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકએ કર્યુ હતું.

આ બેઠકમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ, જિલ્લા પંચાયતના સંબંધિત સદસ્યઓ, તાલુકા પંચાયત અને નગરપાલિકા સભ્યો, પ્રાંત અધિકારીઓ, તાલુકા મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરઓ સહિત જિલ્લા વહીવટી તંત્રના સંલગ્ન અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.


સંકુલ KG થી ૧૦ પ્રવેશ ચાલુ
ધો. ૯ – ૧૦ ગર્લ્સ સ્કૂલ બપોર
ધો. ૯ – ૧૦ મિશ્ર સ્કૂલ સવાર
ધો. ૯ – ૧૦ EM સ્કૂલ સવાર
ધો. ૬ થી ૮ ગર્લ્સ સ્કૂલ બપોર
ધો. ૬ થી ૮ મિશ્ર સ્કૂલ સવાર
ધો. ૬ થી ૮ EM સ્કૂલ સવાર
ધો. ૬ – ૭ જ્ઞાનશક્તિ ગર્લ્સ સવાર
ધો. ૧ થી ૫ કન્યા કુમાર સવાર
ધો. ૧ થી ૫ કન્યા કુમાર બપોર
ધો. ૧ થી ૫ EM સ્કૂલ સવાર
નર્સરી KG ૧–૨ GM સવાર
નર્સરી KG ૧–૨ GM બપોર
નર્સરી KG ૧–૨ EM સવાર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્વ. શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી – Ad084


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૮૦ | ૧૧૬૦ |
| ૨ | શિંગ મોટી | ૯૪૫ | ૧૪૫૦ |
| ૩ | શિંગદાણા | ૧૩૫૦ | ૧૯૨૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૮૩૫ |
| ૫ | તલ સફેદ | ૧૧૭૫ | ૨૫૭૦ |
| ૬ | તલ કાળા | ૨૧૭૦ | ૩૬૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૨૮૦ | ૨૨૮૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૫૫ |
| ૯ | જુવાર | ૪૪૦ | ૯૨૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| ૧૨ | મકાઈ | ૩૦૦ | ૪૮૫ |
| ૧૩ | મગ | ૯૦૦ | ૧૭૦૫ |
| ૧૪ | અડદ | ૧૨૨૦ | ૧૬૨૫ |
| ૧૫ | ચણા | ૯૦૦ | ૧૧૭૫ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૭૫ |
| ૧૭ | છોલે ચણા | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ૧૮ | ચોળી | ૧૨૪૦ | ૧૪૪૫ |
| ૧૯ | તુવેર | ૯૦૦ | ૧૫૮૦ |
| ૨૦ | કપાસ | ૧૦૨૫ | ૧૯૬૦ |
| ૨૧ | એરંડા | ૧૦૫૦ | ૧૨૮૦ |
| ૨૨ | જીરૂ | ૨૮૦૦ | ૩૭૯૦ |
| ૨૩ | રાય | ૧૨૦૦ | ૧૪૧૫ |
| ૨૪ | ગમ ગુવાર | ૯૭૫ | ૯૭૫ |
| ૨૫ | ધાણા | ૧૫૦૦ | ૨૩૯૦ |
| ૨૬ | ધાણી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૨૭ | અજમા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૨૮ | મેથી | ૯૯૦ | ૧૩૭૦ |
| ૨૯ | સોયાબીન | ૭૦૦ | ૧૪૭૫ |
| ૩૦ | વરીયાળી | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૩૧ | કાંગ | ૫૦૦ | ૫૫૫ |
| ૩૨ | કલોંજી | ૧૬૦૦ | ૩૧૧૦ |

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલામાં ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતાં

તેમ કહી આરોપીએ આધેડને વિશ્વાસમાં લઈ અને આરોપીનાં કહેવા મુજબ આધેડે લોન કરી ડમ્પરનાં નં. જીજે–૧૦ એશ–૯૫૩૪ તથા નં. જીજે–૧૪ એપી–૭૦૫૬ તથા જીજે–૧૪ એપી–૭૪૯૬ તથા હીટાચી મશીન લઈને ભરૂચનાં વાગરા પાસે ગંધાર મોકલેલ હતા.

બાદમાં વાહન માલીક આધેડે તેમના ચારેચ વાહનનાં ભાડાનાં રૂપિયાની ઉઘરાણી કરતા આરોપીએ આધેડને વાયદા આપી આધેડ તથા અશ્વિનભાઈ ભટ્ટ બંને ભરૂચ પાસે ગંધાર ગામે જતા આરોપી અશોકભાઈ મનસુખભાઈ બાંભળીયા તથા વિનુભાઈ ભુપતભાઈ બાંભળીયાએ આધેડને માર મારી મુંઢ ઈજા કરી અને જાનથી મારી નાખવાનો ભય બતાવી આધેડનાં વાહનો આરોપીએ બળજબરીથી પોતાની પાસે રાખી લઈ વાહનોના ભાડા પેટેનાં બાકીનાં નીકળતા કુલ રૂપિયા ૪૯,૩૯,૦૦૦ નહીં આપી આધેડને વિશ્વાસમાં લઈ વિશ્વાસઘાત કરી છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ચિત્તાનો વસવાટ કે ગૌ અભયારણ્ય ?

વિશાળ અભયારણ્યો ઉભા થાય છે, સતત મોનિટરિંગ થાય છે; ત્યારે બીજી તરફ રસ્તાઓ પર રખડતો ગૌવંશ, પ્લાસ્ટિક ખાઈ રહેલી ગાયો, અકસ્માતોમાં મોતને ભેટતા ઢોર અને માનવ જીંદગીઓ તેમજ ગૌશાળાઓની મુશ્કેલીઓ પર એટલી જ ગંભીરતા કેમ દેખાતી નથી ?

ચિત્તો એક માંસાહારી પ્રાણી છે. તેના સંરક્ષણનો અર્થ કુદરતી રીતે અન્ય અનેક પ્રાણીઓના શિકારને પણ સ્વીકારવો જ રહ્યો ! પ્રશ્ન એ છે કે શું આપણું પર્યાવરણ સંતુલન માત્ર શિકારી પ્રાણીઓ વધારવાથી જ જળવાશે ? કે પછી ગૌવંશ આધારિત પર્યાવરણ મોડલ વધુ ઉપયોગી ન બની શકે ?

બન્ની ઘાસમેદાન જેવા વિશાળ ઘાસના પ્રદેશો ગૌવંશ માટે કુદરતી આશ્રય સ્થાન બની શકે છે. ત્યાં ગૌવંશ અને નંદી અભયારણ્ય, દેશી ગાયોના સંવર્ધન કેન્દ્રો, પ્રાકૃતિક ગૌચર વિકાસ, ગોબર આધારિત ઊર્જા, ઓર્ગેનિક ખેતી અને પંચગવ્ય આધારિત ગ્રામ્ય અર્થતંત્ર ઉભું થઈ શકે. આથી માત્ર રખડતા ગૌવંશને સુરક્ષા મળશે એટલું જ નહીં, પરંતુ હજારો ગ્રામિણ પરિવારોને રોજગાર મળશે, જમીનની ઉર્વરતા વધશે અને પર્યાવરણનું જતન પણ થશે.

આજે એક મહત્વપૂર્ણ હકીકત એ પણ છે કે એશિયાટિક સિંહ હવે માત્ર ગીર પૂરતા જ મર્યાદિત રહ્યા નથી. સમગ્ર સૌરાષ્ટ્રમાં અનેક વિસ્તારોમાં સિંહોની અવરજવર વધી રહી છે. અનેક જગ્યાએ જાનમાલના નુકસાન, પશુહાનિ અને માનવભક્ષણની ઘટનાઓ અવારનવાર સામે આવે છે. આવી સ્થિતિમાં સિંહ, ચિત્તા અને વાઘ જેવા મોટા શિકારી પ્રાણીઓની વધતી સંખ્યા અને તેના સામાજિક પ્રભાવ અંગે ગંભીર વૈજ્ઞાનિક અને સામાજિક ચર્ચા જરૂરી બની જાય છે.

પ્રશ્ન વાઈલ્ડ લાઈફ સામે નથી, પ્રશ્ન સંતુલનનો છે. શું આપણા માટે ગૌવંશ માત્ર એક પશુ છે ? કે પછી ભારતની કૃષિ, આરોગ્ય, પર્યાવરણ, સંસ્કૃતિ અને ગ્રામ્ય અર્થતંત્રનો આધારસ્તંભ છે ? દેશી ગાય માત્ર દૂધ આપતું પ્રાણી નથી; તે જમીનની ઉર્વરતા, કુદરતી ખેતી, ગોબર ગેસ, ઔષધિ, પંચગવ્ય, ગ્રામ્ય સ્વરોજગાર અને પર્યાવરણ સહિત પંચમહાભૂત સમતુલાનુ કેન્દ્રબિંદુ છે.

આપણી માનસિકતા કયાંક એવી બની રહી છે કે વિદેશી વિચારસરણી અને ગ્લેમરસ વાઈલ્ડ લાઈફ પ્રોજેકટને આધુનિકતા ગણીએ છીએ, જયારે ગૌવંશ આધારિત જીવન પદ્ધતિને પાછળ ધકેલી રહ્યા છીએ. કરોડો રૂપિયા ચિત્તા પ્રોજેકટ માટે ખર્ચવામાં આવે અને બીજી તરફ ગૌશાળાઓને અને ગૌ સંબંધિત અન્ય પ્રવૃતિઓ માટે પૂરતી સહાય ન મળે, તો સ્વાભાવિક રીતે પ્રશ્નો ઉભા થાય.

આજનો સમય ''એકને વધાવો અને બીજાને ભૂલો'' એવો નથી. દેશને સપ્રમાણ વાઈલ્ડ લાઈફ પણ જોઈએ અને ગૌવંશનું રક્ષણ પણ જોઈએ. પરંતુ પ્રાથમિકતાઓ એવી હોવી જોઈએ કે જેમાં માનવ સુરક્ષા, અર્થતંત્ર, પર્યાવરણ, કૃષિ અને ભારતીય સંસ્કૃતિ બધાનું સંતુલન જળવાઈ રહે.

વિચારવા જેવું છે કે લાંબા ગાળે દેશને વધુ લાભ કોના દ્વારા મળશે ? માત્ર શિકારી પ્રાણીઓના પ્રોજેકટથી કે ગૌવંશ આધારિત પર્યાવરણ અને ગ્રામ્ય વિકાસના મોડલથી ?

સમય આવી ગયો છે કે આપણે વિકાસ, વાઈલ્ડ લાઈફ અને ગૌસંરક્ષણ ત્રણેય વિષયો વચ્ચે સંતુલિત, વૈજ્ઞાનિક અને ભારતીય પરંપરા આધારિત દ્દષ્ટિકોણથી વિચાર કરીએ.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૩૯ | ૪૪૨ |
| ૩ | ચણા | ૯૦૦ | ૧૧૩૫ |
| ૪ | તુવેર | ૧૩૬૦ | ૧૩૭૫ |
| ૫ | ધાણા | ૨૧૫૫ | ૨૧૫૫ |
| ૬ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૨૦૦ |
| ૭ | તલ કાળા | ૧૭૫૦ | ૨૭૧૦ |
| ૮ | મગ | ૧૫૬૫ | ૧૫૭૫ |
| ૯ | એરંડા | ૧૨૩૦ | ૧૨૫૦ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૪૯૦ | ૧૯૦૦ |
| ૧૧ | સોયાબીન | ૧૨૦૦ | ૧૪૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૩૫ | ૧૬૩૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૮૫ |
| ૩ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૭૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૨૧ |
| ૫ | તલ કાળા | ૨૬૭૫ | ૩૬૧૦ |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૩૬૦૧ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૯૦૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૧૦ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૧૦૧૦ |
| ૧૨ | મકાઈ | ૩૦૦ | ૫૧૦ |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૬૨૫ |
| ૧૪ | અડદ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ૧૫ | ચણા | ૧૦૯૦ | ૧૧૮૦ |
| ૧૬ | દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૯૦ |
| ૧૭ | તુવેર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ૧૮ | એરંડી | ૧૨૦૦ | ૧૨૭૧ |
| ૧૯ | મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૨૦ | ધાણા | ૧૬૦૦ | ૨૪૦૦ |
| ૨૧ | સોયાબીન | ૯૦૦ | ૧૧૧૦ |

## સાવરકુંડલા : સેવાયજ્ઞ ગૃપ દ્વારા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરને ઓક્સિજન મશીન અર્પણ



અમરેલી, તા. ૨૯

સેવાયજ્ઞ ગ્રુપ દ્વારા માનવસેવાના ઉત્તમ કાર્યરૂપે સાવરકુંડલાની લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરને બે ઓક્સિજન મશીન તથા અન્ય મેડિકલ સાધનો અર્પણ કરવામાં આવ્યા હતા. આ સેવાકાર્ય પ.પૂ. ભકિતરામ બાપુના વરદહસ્તે પૂર્ણ થયું હતું.મળતી માહિતી મુજબ ખાંભામાં મુંગા પશુ–પક્ષીઓ તથા માનવસેવાના વિવિધ કાર્યો કરતી સેવાયજ્ઞ ગ્રુપને થોડા સમય પહેલાં મુંબઈના એક દાતા દ્વારા રામભરોસે બે ઓક્સિજન મશીન તથા અન્ય તબીબી સાધનો આપવામાં આવ્યા હતા. આ મશીન અને સાધનોનો ઉપયોગ જરૂરિયાતમંદ દર્દીઓની સારવારમાં થઈ શકે તે હેતુથી સેવાયજ્ઞ ગ્રુપના રાજુભાઈ હરીયાણી એડવોકેટ અને નોટરી સહિતના સભ્યોએ પ.પૂ. ભકિતરામ બાપુ સાથે ચર્ચા કરી હતી.

પુજય ભકિતરામ બાપુએ આ મેડિકલ સાધનોને વિનામૂલ્યે દર્દી નારાયણની સેવા કરતી સંસ્થા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરને અર્પણ કરવાની ભાવના વ્યકત કરી હતી. ભકિતરામ બાપુના હસ્તે આ બંને ઓક્સિજન મશીન તથા અન્ય મેડિકલ સાધનો આરોગ્ય મંદિરના ડો. પ્રકાશ કટારીયાને અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સેવાયજ્ઞ ગ્રુપના સભ્યો, આગેવાનો તથા સેવાભાવી લોકો ઉપસ્થિત રહ્યા હતા. ભકિતરામ બાપુએ દાતા તથા સેવાયજ્ઞ ગ્રુપના યુવાનોને આશીર્વાદ પાઠવી માનવસેવાના આવા કાર્યો સમાજ માટે પ્રેરણારૂપ હોવાનું જણાવ્યું હતું. સ્થાનિક સ્તરે આ સેવાકાર્યની પ્રશંસા થઈ રહી છે અને જરૂરિયાતમંદ દર્દીઓને આ સાધનો દ્વારા મોટી રાહત મળશે તેવી લાગણી વ્યકત કરવામાં આવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું વડિયામાં મામલતદાર કચેરી

અરજદારો અને વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા વડિયા મામલતદાર વાય.એન. બારડને રજુઆત કરતા તેમણે કનેકિટવિટી બાબતે પ્રયત્ન કર્યા હતા અને અંતે સાંજના સમયે કનેકિટવિટી આવતા ગામડાના અરજદારો અને વિદ્યાર્થી માટે તેમણે તારીખ ૨૯/૦૫/૨૦૨૬ને ગુરૂવારના રોજ બકરી ઈદની જાહેર રજા હોવા છતાં રજાના દિવસે વિદ્યાર્થી અને અરજદારોના હિતમાં કચેરીના તમામ વિભાગો ખુલ્લા રાખી રજાના દિવસે માનવ હિતમાં કોઈ અરજદાર હેરાન ના થાય તે માટે કામગીરી શરૂ રાખવામાં આવતા યુવા મામલતદાર બારડની સરાહનીય કામગીરી જોવા મળી હતી. આ તકે અરજદારો અને વિદ્યાર્થીની પણ રજાના દિવસે દાખલા કઢાવતા જોવા મળ્યા હતા તો વડિયા મામલતદાર ઓફિસનો સ્ટાફ પણ રજાના દિવસે મામલતદારના નિર્ણયને સહકાર આપી કામ કરી માનવતા પ્રગટાવતો જોવા મળ્યો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું લાઠીનાં હાવતડ ગામનો યુવક

હિતેષ દામનગર મુકામેથી ભરતભાઈ ભાસ્કરની છોકરીને લઈને ભાગી ગયેલ હોય. જે વાતનુ મનદુઃખ રાખી દામનગરથી આરોપી હરેશભાઈ સામંતભાઈ, ભરતભાઈ ભાસ્કર, પરશોતમભાઈ મગનભાઈ ભાસ્કર, રમેશભાઈ મગનભાઈ ભાસ્કર, સંજયભાઈ અમરશીભાઈ ભાસ્કર, અલ્પેશભાઈ જીવરાજભાઈ ભાસ્કર, ભરતભાઈ ભાસ્કરની છોકરીના મામા, ટીણો મુળજીભાઈ ભાસ્કર, વિઠ્ઠલભાઈ લખમણભાઈ ભાસ્કર, મહેશભાઈ ધનાભાઈ ભાસ્કર તથા અન્ય આશરે દશેક જેટલા અજાણ્યા ઈસમો ગત તા. ૨૭ના રાત્રીના આશરે સાડા દશેક વાગ્યે હાવતડ ગામે પ્રાણઘાતક હથિયારો સાથે આવી અને પોતાનો સમાન ઉદેશ્ય પાર પાડવા કાયદા વિરૂધ્ધની મંડળી રચી આધેડના ઘરે લાકડાના ધોકા તથા લોખંડના પાઈપ સાથે મોટર સાયકલમાં બેસી આવી ઘરમાં અપ પ્રવેશ કરી આધેડ તથા તેમના ઘરના હાજર સભ્યોને જેમ ફાવે તેમ ગાળો આપી ઝપાઝપી કરી ઢીકાપાટુનો માર મારી તથા આરોપીએ લાકડાના ધોકા વડે આધેડના દિકરા ધીરૂભાઈને માથાના પાછળના ભાગે બે ઘા તથા ડાબા ખભાના ભાગે એક ઘા મારી તથા કાજલબહેનને લોખંડના પાઈપનો એક ઘા ડાબા હાથે મારી તથા આધેડના પત્ની હંસાબહેનને એક લોખંડનો પાઈપ ડાબા હાથે મારી અને તેજલબહેનને ઢસડીને જમીન ઉપર પછાડી દઈ ઈજા કરી હતી તથા આધેડના ઘરની ઓસરીની ગ્રીલ સાથે ધોકા તથા પાઈપ પછાડી આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ આધેડના નાનાભાઈ હિંમતભાઈને પણ માર મારવા તેની પાછળ મોટર સાયકલ દોડાવ્યાની આધેડે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૮૧૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૫૯૫ |
| ૩ | મગફળી | ૧૨૩૦ | ૧૩૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૫ | ૨૨૩૫ |
| ૫ | તલ કાળા | ૨૮૪૫ | ૩૨૭૫ |
| ૬ | જીરૂ | ૨૬૮૦ | ૩૬૭૦ |
| ૭ | ચણા | ૧૧૨૦ | ૧૧૬૦ |
| ૮ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૯ | એરંડા | ૧૦૩૫ | ૧૧૯૫ |
| ૧૦ | તુવેર | ૧૦૮૫ | ૧૪૦૫ |
| ૧૧ | ધાણા | ૧૫૬૦ | ૨૪૩૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૮૫૧ |
| ૨ | મગફળી | ૮૬૦ | ૧૧૯૫ |
| ૩ | ઘઉં લોકવન | ૩૭૦ | ૪૮૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૪૧ | ૪૫૯ |
| ૫ | જુવાર | ૭૦૫ | ૭૦૫ |
| ૬ | તુવેર | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ૭ | ચણા | ૮૨૦ | ૧૧૩૨ |
| ૮ | ચણા સફેદ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૯ | જીરૂ | ૨૮૧૦ | ૨૮૧૦ |
| ૧૦ | મેથી | ૧૦૧૫ | ૧૨૧૫ |
| ૧૧ | મગ | ૧૪૩૮ | ૧૬૫૦ |
| ૧૨ | સોયાબીન | ૧૧૦૦ | ૧૫૪૧ |
| ૧૩ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૨૧૫ |
| ૧૪ | એરંડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | ધાણા | ૨૧૯૦ | ૨૪૦૦ |
| ૧૬ | શીંગ દાણા | ૧૬૩૦ | ૧૬૩૦ |
| ૧૭ | તલ કાળા | ૧૬૦૦ | ૨૯૭૦ |

## મોટો નિર્ણય લેવાની તૈયારીમાં RBI

# ભારતમાં આવી શકે છે પ્લાસ્ટિકની ચલણી નોટો

### પરંપરાગત કપાસ આધારિત કાગળની નોટોની સરખામણીમાં પોલીમર નોટો લાંબા ગાળે વધુ સસ્તી અને સુરક્ષિત સાબિત થાય છે

નવી દિલ્હી, તા.૨૯

ડિજિટલ પેમેન્ટ અને UPIના આ જમાનામાં પણ દેશમાં રોકડની માંગ સતત વધી રહી છે. આ સ્થિતિ વચ્ચે રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા (RBI) ભારતમાં ફરી એકવાર પ્લાસ્ટિક એટલે કે પોલીમર બેંકનોટ્સ લોન્ચ કરવાની યોજના પર કામ કરી રહી છે.

હાલમાં પટના અને મુંબઈમાં મળેલી આરબીઆઈની સેન્ટ્રલ બોર્ડ મીટિંગમાં આ અંગે ગંભીર ચર્ચા થઈ છે અને ટૂંક સમયમાં જ તેનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ થઈ શકે છે.

દેશમાં રોકડનો વપરાશ વધવાની સાથે આરબીઆઈ પર આર્થિક અને ઓપરેશનલ બોજ સતત વધી રહ્યો છે. આ નિર્ણય પાછળ મુખ્ય ૩ કારણો જવાબદાર છે. આરબીઆઈના વાર્ષિક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં બેંકનોટ છાપવાના ખર્ચમાં તીવ્ર ઉછાળા સાથે ૬,૩૭૨.૮ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે. જે અગાઉના વર્ષે ૫,૧૦૧.૪ કરોડ રૂપિયાનો હતો. દેશમાં ચલણમાં રહેલી કુલ રોકડ મે મહિનાના મધ્ય સુધીમાં રેકોર્ડ ૪૨.૮૬ ટ્રિલિયન પર પહોંચી ગઈ છે, જે વાર્ષિક ધોરણે ૧૧.૫%નો વધારો દર્શાવે છે. માત્ર એક જ વર્ષમાં બજારમાંથી ૨૩.૮ અબજ મેલી કે ફાટેલી નોટો પાછી ખેંચવી પડી હતી, જેમાં ૫૦૦ ની નોટોનો હિસ્સો સૌથી વધુ હતો.

પરંપરાગત કપાસ આધારિત કાગળની નોટોની સરખામણીમાં પોલીમર નોટો લાંબા ગાળે વધુ સસ્તી અને સુરક્ષિત સાબિત થાય છે. વૈશ્વિક રિપોર્ટ્સ અનુસાર, પ્લાસ્ટિકની નોટો કાગળની નોટો કરતાં ૨.૫ થી ૪ ગણી વધુ ટકાઉ હોય છે અને તે સરળતાથી ફાટતી નથી. આ નોટો ખાસ પ્રકારની બાય-એક્સિઅલી ઓરિએન્ટેડ પોલીપ્રોપીલિન ફિલ્મથી બને છે. જેના કારણે તેના પર પાણી, ભેજ, કાદવ કે બેક્ટેરિયાની કોઈ અસર થતી નથી. પોલીમર નોટોમાં અદ્યતન સિક્યોરિટી ફીચર્સ અને ખાસ સ્યાહીનો ઉપયોગ થાય છે, જેથી તેની નકલ કરવી અશક્ય બની જાય છે. પ્લાસ્ટિક નોટો છાપવાનો પ્રારંભિક ખર્ચ સામાન્ય નોટો કરતાં બમણો થાય છે, પરંતુ તે લાંબો સમય ચાલતી હોવાથી લાંબા ગાળે સરકારના હજારો કરોડ રૂપિયા બચે છે.

આરબીઆઈએ આ પૂર્વે ઑક્ટોબર ૨૦૦૯માં ૧૦ની ૧ અબજ પ્લાસ્ટિક નોટો બહાર પાડવા માટે વૈશ્વિક ટેન્ડર બહાર પાડ્યું હતું. ત્યારબાદ ૨૦૧૫-૧૬માં દેશના પાંચ અલગ-અલગ આબોહવા ધરાવતા શહેરો મૈસૂર, શિમલા, જયપુર, કોચી અને ભુવનેશ્વરમાં આ નોટોનું ફિલ્ડ ટ્રાયલ કરવાની યોજના હતી. જોકે, તે સમયે ટેકનિકલ અને એટીએમ ઓપરેશનલ ખામીઓને કારણે પ્રોજેક્ટ પડતો મૂકાયો હતો. હવે આરબીઆઈના અધિકારીઓનું માનવું છે કે આપણું બૅંકિંગ ઈકોસિસ્ટમ અને એટીએમ ઓથેન્ટિકેશન સિસ્ટમ અપગ્રેડ થઈ ચૂકી છે, જેથી હવે આ પાયલોટ પ્રોજેક્ટ સરળતાથી અમલી બનાવી શકાશે.

વિશ્વમાં સૌથી પહેલા ૧૯૮૮માં ઓસ્ટ્રેલિયાએ પોલીમર નોટો રજૂ કરી હતી અને ૧૯૯૬ સુધીમાં તે સંપૂર્ણપણે પ્લાસ્ટિક કરન્સી પર શિફ્ટ થઈ ગયું હતું. હાલમાં ઓસ્ટ્રેલિયા ઉપરાંત બ્રિટન (UK), કેનેડા, ન્યુઝીલૅન્ડ, વિયેતનામ, માલદીવ્સ, રોમાનિયા અને બ્રુનેઈ જેવા અનેક દેશો કાગળને બદલે પ્લાસ્ટિકની નોટોનો જ સફળતાપૂર્વક ઉપયોગ કરી રહ્યા છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૪૨ | ૧૮૭૧ |
| ૨ | મગફળી | ૧૧૫૧ | ૧૩૫૦ |
| ૩ | ચણા | ૧૧૧૯ | ૧૧૩૦ |
| ૪ | જુવાર સફેદ | ૯૦૭ | ૯૧૬ |
| ૫ | તલ સફેદ | ૧૯૫૧ | ૨૪૧૫ |
| ૬ | તલ કાળા | ૨૯૦૦ | ૩૦૦૧ |
| ૭ | તુવેર | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ૮ | ઘઉં | ૩૯૧ | ૪૨૫ |
| ૯ | એરંડા | ૧૨૦૨ | ૧૨૦૨ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૧૧ | મગ | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ૧૨ | રાય | ૧૧૩૧ | ૧૧૩૧ |
| ૧૩ | મેથી | ૧૨૬૧ | ૧૨૬૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૫૧ | ૧૩૭૨ |
| ૨ | તલ સફેદ | ૧૧૫૦ | ૨૩૫૧ |
| ૩ | તલ કાળા | ૨૩૫૧ | ૩૦૩૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૮૫૦ |
| ૫ | બાજરો | ૩૪૬ | ૫૨૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૭૦ | ૪૮૧ |
| ૭ | જુવાર | ૩૭૩ | ૧૦૪૦ |
| ૮ | મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| ૯ | મગ | ૧૪૦૧ | ૧૬૫૧ |
| ૧૦ | અડદ | ૧૦૦૧ | ૧૫૩૧ |
| ૧૧ | તુવેર | ૮૦૦ | ૧૨૩૧ |
| ૧૨ | ચણા | ૬૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | જીરૂ | ૩૦૭૧ | ૩૦૭૧ |
| ૧૪ | એરંડી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૫ | ધાણા | ૧૯૦૦ | ૨૩૦૦ |
| ૧૬ | મેથી | ૧૨૦૧ | ૧૨૦૨ |
| ૧૭ | સોયાબીન | ૧૧૦૧ | ૧૩૬૨ |
| ૧૮ | રાય | ૧૨૦૦ | ૧૫૦૦ |

### સૌથી સંવેદનશીલ વિસ્તાર હરામીનાળા પહોંચ્યા અમિત શાહ

# દેશની સરહદો અત્યંત સુરક્ષિત છે : કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ

## અમિત શાહે જણાવ્યું કે દેશની સરહદો અત્યંત સુરક્ષિત છે અને ભવિષ્યમાં ટેક્નોલોજીના માધ્યમથી તેના પર સતત અને સઘન નજર રાખવામાં આવશે

ભુજ (કચ્છ), તા.૨૯

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે તાજેતરમાં ગુજરાતના કચ્છ જિલ્લામાં આવેલા સંવેદનશીલ હરામીનાળા વિસ્તારની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત-પાકિસ્તાન સરહદ પરની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવાનો હતો. આ પ્રદેશમાં ૪૫ ડિગ્રી સેલ્સિયસ જેવા કઠોર વાતાવરણ વચ્ચે પણ, શાહે સરહદી સુરક્ષાની ઊંડાણપૂર્વક તપાસ કરી અને પાડોશી દેશોને ખુલ્લી ચેતવણી આપી કે તેઓ ભારતીય સરહદો પાર કરીને ઘૂસણખોરી કરવાની હિંમત ન કરે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે દેશની સરહદો અત્યંત સુરક્ષિત છે અને ભવિષ્યમાં ટેકનોલોજીના માધ્યમથી તેના પર સતત અને સઘન નજર રાખવામાં આવશે. કેન્દ્રીય ગૃહ પ્રધાનના નિવેદનો દેશની રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. અમિત શાહે સ્પષ્ટપણે કહ્યું કે કચ્છથી લઈને કાશ્મીર સુધી બીએસએફ (બોર્ડર સિક્યોરિટી ફોર્સ) તૈનાત છે, જે દેશની સરહદોનું રક્ષણ કરવા માટે સતત કાર્યરત છે. તેમની આ મુલાકાત દરમિયાન, શાહે કચ્છના હરામીનાળા વિસ્તારમાં આવેલી સરહદી સુરક્ષા વ્યવસ્થાની ઝીણવટભરી સમીક્ષા કરી.

તેમણે બીએસએફના આઉટપોસ્ટ ટાવર ૧૧૭૦ નજીક આવેલા કંટ્રોલ રૂમમાં પીટીઝેડ કેમેરા ફીડનું નિરીક્ષણ કર્યું, જે દર્શાવે છે કે સરહદ પર ટેકનોલોજીનો ઉપયોગ કેટલી ગંભીરતાથી થઈ રહ્યો છે. વધુમાં, અમિત શાહે બોર્ડર આઉટપોસ્ટનું લોકાર્પણ પણ કર્યું, જે સરહદી સુરક્ષાને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે. તેમણે સરહદી વિસ્તારમાં થતી કોઈપણ હલચલ અને સમગ્ર સુરક્ષા વ્યવસ્થા અંગેની વિગતવાર માહિતી અધિકારીઓ પાસેથી મેળવી. આ માહિતીના આધારે, તેમણે સરહદી સુરક્ષા અંગે એક ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજી, જેમાં ભવિષ્યની સુરક્ષા વ્યૂહરચનાઓ પર વિચારણા કરવામાં આવી. સુરક્ષાની પરિસ્થિતિને વધુ સારી રીતે સમજવા માટે, અમિત શાહે શિપ મારફતે હરામીનાળા વિસ્તારનો પ્રવાસ પણ કર્યો. આ પ્રવાસ દ્વારા તેમણે જમીની વાસ્તવિકતાઓ અને પડકારોને પ્રત્યક્ષ રીતે જોયા. કેન્દ્ર સરકાર દ્વારા સરહદી સુરક્ષાને વધુ મજબૂત બનાવવા અને ટેકનોલોજીના માધ્યમથી સતત નજર રાખી શકાય તે માટે કરવામાં આવી રહેલા પ્રયાસોની પણ તેમણે સમીક્ષા કરી. અમિત શાહ સતત બોર્ડરની પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને અધિકારીઓ પાસેથી જરૂરી માહિતી મેળવી રહ્યા હતા. તેમની સાથે ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી પણ આ મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. આખો દિવસ તેમણે બીએસએફના અધિકારીઓ સાથે વાતચીત કરી અને સુરક્ષાની સ્થિતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કર્યું. શાહે ભારપૂર્વક જણાવ્યું કે દેશની સુરક્ષા એ સૌથી મોટી પ્રાથમિકતા છે અને પાકિસ્તાન જેવા દુશ્મનો ક્યારેય તેમના દુષ્ટ ઈરાદા પૂરા ન કરી શકે તે સુનિશ્ચિત કરવું એ સરકારનો મુખ્ય અભિગમ છે. આ મુલાકાત ભારતીય સરહદોની અખંડિતતા અને સુરક્ષા જાળવવા માટે સરકારની મક્કમતા દર્શાવે છે. ભુજ ખાતે ભારત-પાકિસ્તાન સરહદ પર આવેલી G-7 BSF સીમા ચોકીનું ઉદ્ઘાટન કરતાં અમિત શાહે સરહદ સુરક્ષા સાથે પર્યાવરણ સંરક્ષણનો મજબૂત સંદેશ આપ્યો હતો. S-7 બોર્ડર આઉટપોસ્ટ પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લીમડાના રોપાનું વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન સુરક્ષા દળોના અધિકારીઓ અને BSFના જવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સરહદ સુરક્ષા સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા ગૃહમંત્રીએ BSF જવાનો સાથે ખાસ મુલાકાત પણ કરી હતી અને તેમની હિંમત-સમર્પણની પ્રશંસા પણ કરી હતી. અમિત શાહે BSF જવાનો સાથે 'હાઈ-ટી' કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને તેમની સાથે હળવી વાતચીત કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. દેશની સુરક્ષા માટે BSF જવાનોની કામગીરીને અમિત શાહે બિરદાવી હતી. સરહદ પર તૈનાત જવાનોના ઉત્સાહને વધુ પ્રોત્સાહન આપતાં તેમણે કહ્યું હતું કે, દેશની સુરક્ષા માટે BSF જવાનો દિવસ-રાત અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

### દિલ્હીના પાર્કમાં જમીન પર બેસીને કર્યું ભોજન

# રિક્ષા ચાલકોની વેદના સાંભળવા પાર્કમાં પહોંચ્યા રાહુલ ગાંધી

## મોંઘવારીની આ માર વચ્ચે રાહુલ ગાંધીએ ઓટો ડ્રાઇવરોની તકલીફોને સમજવા માટે ખાસ બેઠક કરી

નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસ નેતા અને લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ દિલ્હીમાં ઓટો ડ્રાઈવરો સાથે મુલાકાત કરીને તેમની મુશ્કેલીઓ જાણી છે. ઈરાન સંકટ અને મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને CNGના ભાવ સતત વધી રહ્યા છે, જેના લીધે ઓટો ડ્રાઈવરોની કમાણી પર મોટી અસર પડી છે. મોંઘવારીની આ માર વચ્ચે રાહુલ ગાંધીએ ઓટો ડ્રાઈવરોની તકલીફોને સમજવા માટે આ ખાસ બેઠક કરી હતી. આ મુલાકાતની તસવીરો અને વીડિયો પણ સામે આવ્યા છે. લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ દિલ્હીના મંડી હાઉસ પાસે આવેલા તોડરમલ પાર્કમાં ઓટો ડ્રાઈવરો



સાથે ખાસ મુલાકાત કરી હતી. આ દરમિયાન કોઈ પણ જાતના વીઆઈપી પ્રોટોકોલ વિના તેઓ સામાન્ય માણસની જેમ ઓટો ડ્રાઈવરોની વચ્ચે જમીન પર જ બેસી ગયા હતા અને તેમની સાથે લંચ કર્યું હતું. સોશિયલ મીડિયા પર આ મુલાકાતનો વીડિયો ખૂબ વાઈરલ થઈ રહ્યો છે, જેમાં રાહુલ ગાંધી જમીન પર બેસીને ભોજન કરવાની સાથે-સાથે ઓટો ડ્રાઈવરોની રોજિંદી સમસ્યાઓ અને મુશ્કેલીઓ વિશે વિગતવાર ચર્ચા કરતાં જોવા મળી રહ્યા છે. આ મુલાકાત પાછળનું મુખ્ય કારણ ઈંધણના ભાવમાં થઈ રહેલો અસહ્ય વધારો છે. ઈન્ટરનેટ અને વૈશ્વિક સ્તરે ચાલી રહેલા ઈરાન સંકટના કારણે છેલ્લા કેટલાક સમયમાં ઓટો ચલાવવાનો ખર્ચ ઘણો વધી ગયો છે. ઓટો ડ્રાઈવરોની મુખ્ય ફરિયાદ એ છે કે ઓઈલ અને ગેસના ભાવ તો ઝડપથી વધી ગયા છે, પરંતુ તેના પ્રમાણમાં ઓટોનું ભાડું વધારવામાં આવ્યું નથી. જો તેઓ મુસાફરો પાસે વધુ ભાડું માંગે છે, તો દરરોજ માથાકૂટ અને દલીલો થાય છે. આનાથી તેમનું જીવનયાપન ખૂબ જ મુશ્કેલ બની ગયું છે.

### મેડિકલ લાયસન્સ વગર જાહેરમાં ઉપચાર કરવો કાનુની અપરાધ

# રાજકોટ : બાબા બાગેશ્વરમાં દિવ્ય શકિત દરબારમાં પર્ચી, વિવિધ ગતકડાનો જાથા કરશે વિરોધ

## પોલીસ તંત્ર આયોજકો પાસે જરૂરી ખાત્રી મેળવી મંજુરી આપે તેવી માંગ

અમરેલી, તા. ૨૯

રાજકોટ : ગત લોકસભાની ચૂંટણી સમયે લોકોના પ્રાણ પ્રશ્નો, મોઘવારી, બેરોજગારીના મુદ્દાને હટાવવા દેશમાં સનાતન ધર્મના પ્રચારાર્થે ધાર્મિક ઉન્માદ માટે દેશમાં કેટલાક ધાર્મિક નેતાઓની પસંદગીમાં મપ્રપ્રદેશના બાબા બાગેર ધિરેન્દ્ર શાસ્ત્રીને ઉતારવામાં આવેલ હતા. તેના ભાગ રૂપે ગુજરાતમા આવી ગુજરાત કે પાગલોનું ઉચ્ચારણ કરતા નાગરિકો, પ્રબુધ્ધ લોકો, રાજકીય આગેવાનોને ખોટું કે માઠું લાગ્યું ન હતું. રાજયમાં કથા સાથે દિવ્ય દરબાર ભરીને કાયદાનું ખુલ્લેઆમ ભંગ કર્યો છતાં કાનુની પગલા ભરવામાં આવ્યા ન હતા. આ વખતે રાજકોટના રેસકોર્સ મેદાનમાં સનાતન હનુમંત કથાનું આયોજન જુનમાં યોજનાર છે તેમાં અંધશ્રદ્ધા પ્રેરક કાર્યક્રમનો ભારત જન વિજ્ઞાન જાથા સદૈવ વિરોધ કરી બાબા બાગેર સામે રેલી, સુત્રોચ્ચાર ધરણાંનો કાર્યક્રમ આપી લોકોને જાગૃત કરવામાં આવશે.બાબા કાયદા ભંગ કરશે તુરંત પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરશે.

જાથાના ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજકોટમાં આગામી તા. ૪ અને ૫ જુનના રોજ બાબા વિરૂદ્ધ રેલી, સુત્રોચ્ચાર, ધરણાના કાર્યક્રમ માટે પોલીસ કમિશ્નર કચેરીમાં મંજૂરીની પ્રક્રિયા હાથ ધરવામા આવી છે. જેમાં જાથાના સમર્થકો બાબા બાગેરની દિવ્ય દરબારમાં અંધશ્રદ્ધા પ્રેરક કાર્ય પદ્ધતિ, ચમત્કારિક દાવાઓને પડકારવામાં આવશે. ભારતના બંધારણના આમુખમાં લોકોમાં વૈજ્ઞાનિક મિજાજમાં બાધારૂપ ઉચ્ચારણો, અશાંતિનો માહોલ, વગર લાયસન્સે રોગનો ઉપચાર, અંધશ્રદ્ધા, ભ્રમમાં નાખવા સંબંધી કાર્યોની માહિતી લોકો સમક્ષ મુકવામાં આવશે. બાબા દેશમાં શાંતિનો માહોલ બગાડે છે વાદ–વિવાદ જાણી જોઈ કરવામા આવે છે. સ્થાનિક પરિસ્થિતિમાં કાયદો–વ્યવસ્થા જોખમાઈ તેવી પ્રવૃત્તિની નોંધ સરકારી તંત્રને આપી ગુન્હો દાખલ કરવામાં આવશે. બાબાને રાજકીય સાથ–સહકાર હોય કાયદો ભંગ હોવા છતાં પોલીસ તંત્ર કોઈપણ પ્રકારની કાર્યવાહી કરતી નથી તે જગજાહેર છે. આયોજકો પાસે કાયદા ભંગ ન કરે તેવી ખાત્રી પોલીસ તંત્ર મેળવે તેવી જાથા માગણી કરે છે. વધુમાં જયંત પંડયા જણાવે છે કે બાબા બાગેર પાસે એકપણ પ્રકારની ચમત્કારિક શકિત કે દિવ્યદ્રષ્ટિ–શકિ નથી લોકોને ભ્રમમાં નાખી ઉલ્લુ બનાવે છે. બાબાએ આજ દિન સુધી લોકોપયોગી કાર્યો કર્યા નથી. માનવકલ્યાણ માટે પ્રયત્નો કર્યા નથી. પોતાની પ્રસિદ્ધિ સાથે રાજકીય પ્રચારનું કામ કરે છે. દેશનું વિભાજનનું કામ કરે છે. લોકોને ચાર બાળકો પેદા કરવાનો ઉપદેશ આપે છે. તેમાંથી એક બાળક



સંગઠનને આપવાની શીખ આપે છે. બાબા સંત કે કથાકાર નથી ખલનાયકનું કામ કરે છે. દિવ્યશકિત સાબિત કરવા જાથા જાહેરમાં પડકાર આપી વિજ્ઞાન મંચમાં આવી ત્રણ પ્રશ્નોના સચોટ જવાબ આપી રૂપિયા એક કરોડની ઈનામની જાહેરાત જીતીને વિસનીયતા સાબિત કરવા જાથા આહવાન કરે છે. અગાઉ નાગુરમાં પડકાર ઉપાડવાના બદલે સભામંડપ–શહેર છોડવાનું બાબાએ પસંદ કર્યું હતું ત્યારથી બાબા ભાગેર નામ પડી ગયું છે. મેડીકલ લાયસન્સ વગર જાહેરમાં ઉપચાર કરવો કાનુની ભંગ છે. પોલીસ તંત્ર તુરત અટકાવી ગુન્હો દાખલ કરી શકે છે. બાબા માનવ જીંદગી સાથે ખિલવાડ કરે છે. આયોજકોને મુશ્કેલીમાં મુકે છે. બાબાની હરકતો ઉપર કાયદાકીય અંકુશ લોકહિતમાં જરૂરી છે તેવું જાથા માને છે. રાજકોટમાં કથાના સ્થળે અવૈજ્ઞાનિક પ્રક્રિયા સમયે જાથાના સમર્થકો ઉભા થઈ ધસીને બાબાની પોલખોલ કરશે. પરિસ્થિતિનો સામનો કરવા કાર્યકરોને સ્વબચાવની તાલિમ આપવામાં આવશે. કાયદો વ્યવસ્થા ભંગની જવાબદારી પોલીસ તંત્રની છે. રાજકોટ પોલીસ બંધારણ–કાયદાનું પાલન કરાવશે તેવી જાથાને આશા છે.

વિશેષમાં જાથાના પંડયા જણાવે છે કે દુનિયામાં એકપણ ચમત્કારિક કે ધાર્મિક નેતાએ દેશની સમસ્યાઓ દૂર કરવાનું કે માનવ કલ્યાણનું કામ કર્યું નથી. વિમાં એકપણ ચમત્કારિક પેદા થયો નથી. પોતાની પ્રસિદ્ધી માટે લોકોને ગુમરાહ કરીને પોતાના આશ્રમો, સંસ્થામાં રૂપિયામાં આળોટતા જોવા મળે છે. પ્રજા–શ્રદ્ધાળુઓના રૂપિયામાંથી દવાખાના કે માનવ કલ્યાણની ૧૦ ટકા રકમ વાપરી વાહવાહી કરે છે તેથી લોકોએ જાગવાની જરૂર છે. વિજ્ઞાનથી જ માનવ જગત સુખી–સંપન્ન થયેલ છે તે નજરે જોવા મળે છે. બાબાઓ વિજ્ઞાન ટેકનોલોજીનો દુરઉપયોગ કરી લોકોને અંધશ્રદ્ધામાં પાછલી સદીમાં ધકેલે છે તેથી દરેક નાગરિકે લોકહિતમાં સાવધાન રહેવાની જરૂર છે. ભગવાન, દેવી–દેવતાની ભકિત કરતાં બાબાઓ અને બની બેઠેલાની પૂજા–અર્ચનાને તિલાંજલિ આપવી જોઈએ. અમુક સંગઠન નિર્દોષને હિન્દુ–મુસ્લિમનું સ્વરૂપ આપી ભડકાવી હિંસકરૂપ ધારણ કરે તેવા પ્રયાસોને ઓળખી સાવધાન રહેવું જોઈએ. બાબાનું ગુજરાતનું શું ભલુ કર્યુ ? લોકોને પાગલો કહી અપમાન કર્યુ છતાં નાગરિકોનુંમેન ધારણ કમનસીબી છે.

વિજ્ઞાન જાથાના જયંત પંડયા જણાવે છે કે જુન તા. ૫ થી ૭ કથાના સ્થળે મંચ આસપાસ સમર્થકો–જાગૃતો ગોઠવાઈ જશે. અવૈજ્ઞાનિક પ્રક્રિયા સમયે ઉભા થઈ સુત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવશે. રોગ મટાડવાની દિવ્ય શકિત અટકાવશે. ઉપસ્થિત પોલીસને જાણકારી આપી ગુન્હા સંબંધી પગલાની માંગણી કરશે. કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા જાથા સજ્જ છે. બાબાની ધતિંગલીલા ખુલ્લી કરવામાં આવશે. બાબાની માનસિકતાની લોકો તરેહ તરેહની વાતો કરે છે. બાબાએ આજ દિન સુધી દિવ્યશકિતથી એકપણ આગોતરી જાણકારી આપી નથી કે સાચી પડેલ નથી. કોરોના વખતે આ બાબા છુપાઈ ગયા હતા. વિમાન હાદસા, આંતકવાદી પ્રવૃત્તિઓ, રોગ મહામારી, ડ્રગ્સની પ્રવૃત્તિ વિગેરે દેશહિતની જાહેરાત કરી નથી તેમાંથી લોકોએ ધડો લેવાની જરૂર છે. દિવ્ય દરબારમાં છળકપટ સિવાય કશું જ નથી. બાબાનો હાવ–ભાવ વિચિત્ર હોય મનોરોગીની વ્યાખ્યામાં આવે છે. ધાર્મિક ઉન્મોદન રાજય–દેશને જ નુકશાન છે. નવાગતુંક વિચાર અપનાવવા જોઈએ.જાથાના પંડયા જણાવે છે કે વડાપ્રધાનની પેટ્રોલ–ડિઝલ, ઈંધણ બચાવવાની અપીલને કથાના આયોજકો ખુલ્લેઆમ ભંગ કરે છે. વર્તમાન સમયે કથાનું આયોજન અપ્રસ્તુત છે તેથી લોકોનો ટેકો નથી તે જોઈ શકાય છે. આ વખતે શ્રદ્ધાળુઓની મેદની થવાની નથી તેમાં કોઈ શંકા નથી. ભાડુઆતી માણસોની વ્યવસ્થા કરવી પડશે. જાથાની રેલી–ધરણામાં ગામેગામથી લોકો હાજરી આપે તેવી અપીલ છે. જાથા સમાજનું અંગ છે. ધાર્મિક કથાનો કદી વિરોધ નથી. સનાતન ધર્મના પ્રચારક છીએ પરંતુ વર્તમાન સમયે શાંતિ ડહોળી, બાબા કાયદા ભંગ કરે તે જરા પણ ઉચિત નથી. ઈંધણની બચત કરવી જોઈએ. બાબાને કુદરતનો સાથે નથી તે સમય જ બતાવવાનું છે. બાબામાં કોઈપણ પ્રકારની શકિત નથી લોકોને મુર્ખ બનાવે છે. માત્ર હનુમંત કથાને જાથા આવકારે છે.અંતમાં રાજયમાં જાથાના સમર્થકો રેલી–ધરણામાં હાજરી આપે લોકચળવળને ટેકો આપી નાગરિક ફરજ બજાવવા આહવાન છે. જુન તા. ૪ અને તા. ૫ સાંજે કિશાનપરા ચોકમાં ભેગું થવાનું નક્કી થયું છે. કાયદાની મર્યાદામાં જ આયોજન છે. જાથાને સરકારી મંજુરી બાદ આંદોલન કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. જાથાના સમર્થનમાં મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

### કોકરોચ જનતા પાર્ટીને ઝટકો

# દિલ્હી હાઇકોર્ટે X એકાઉન્ટ રિસ્ટોર કરવાની માગ ફગાવી

## સુનાવણી હાથ ધરીને કેન્દ્ર સરકાર અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xને સત્તાવાર નોટિસ પાઠવી જવાબ માંગ્યો

નવી દિલ્હી, તા.૨૯

સોશિયલ કટાક્ષ માટે જાણીતી અને ઈન્ટરનેટ પર ભારે ધૂમ મચાવનાર કોકરોચ જનતા પાર્ટીના X (ટ્વિટર) એકાઉન્ટને કેન્દ્ર સરકાર દ્વારા બ્લોક કરવાના નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. જસ્ટિસ પુરુષેન્દ્ર કુમાર કૌરવે આ મામલે શુક્રવારે સુનાવણી હાથ ધરીને કેન્દ્ર સરકાર અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xને સત્તાવાર નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. જોકે, હાઈકોર્ટે હાલ તુરંત આ એકાઉન્ટ ચાલુ કરવાનો વચગાળાનો આદેશ આપવાનો ઈનકાર કરી દીધો છે.CJPના સ્થાપક અભિજીત દીપકે કોર્ટને વિનંતી કરી હતી કે કેસની સુનાવણી ચાલે ત્યાં સુધી વચગાળાની રાહત તરીકે તેમનું X એકાઉન્ટ અનબ્લોક કરવામાં આવે. પરંતુ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે, સરકારનો પક્ષ સાંભળ્યા વગર આવો આદેશ ન આપી શકાય, કારણ કે આ વિષયની અસરો ખૂબ દૂરગામી હોઈ શકે છે. અરજદારની દલીલોમાં તથ્ય હોઈ શકે છે, પરંતુ આ બાબતના પરિણામો અને આયામો ઘણા મોટા છે. સામો પક્ષ (કેન્દ્ર સરકાર) પોતાનો પક્ષ રજૂ કરે તે પછી જ સમગ્ર બાબતને હોલિસ્ટિકલી ધ્યાને લેવામાં આવશે." કોર્ટે કેન્દ્ર સરકારને પોતાનો વિગતવાર જવાબ દાખલ કરવા માટે ૪ અઠવાડિયાનો સમય આપ્યો છે અને આ કેસની આગામી સુનાવણી ૬ જુલાઈએ નિયત કરી છે.અહેવાલો અનુસાર, ઈન્ટેલિજન્સ બ્યુરો(IB) તરફથી મળેલા ઈનપુટ્સના આધારે કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સુરક્ષાના કારણોસર આ એકાઉન્ટ પર પ્રતિબંધ લગાવ્યો છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી મંત્રાલય (MeitY) દ્વારા ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી ઍક્ટ, ૨૦૦૦ની કલમ 69 (A) હેઠળ Xને આ એકાઉન્ટ બ્લોક કરવાનો આદેશ અપાયો હતો. સુનાવણી દરમિયાન એ પણ સામે આવ્યું કે હજુ સુધી સત્તાવાર બ્લોકિંગ ઑર્ડરની નકલ અરજદાર કે કોર્ટ સમક્ષ રજૂ કરાઈ નથી. સરકારનો જવાબ આવ્યા બાદ કોર્ટ નક્કી કરશે કે આ ઑર્ડર સાર્વજનિક કરવો કે નહીં.આ કોઈ વાસ્તવિક રાજકીય પક્ષ નથી, પરંતુ સોશિયલ મીડિયા પર યુવાનોમાં ભારે લોકપ્રિય બનેલું એક ડિજિટલ વ્યંગાત્મક આંદોલન છે. ગત ૧૫ મેના રોજ સુપ્રીમ કોર્ટમાં એક કેસની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ(CJI) ની આગેવાની હેઠળની બેન્ચે ચિંતા વ્યક્ત કરી હતી કે, કેટલાક બેરોજગાર યુવા વકીલો પ્રેક્ટિસ છોડીને સોશિયલ મીડિયા અને RTI એક્ટિવિઝમ તરફ વળી રહ્યા છે. આ દરમિયાન તેમણે ટિપ્પણી કરી હતી કે, કેટલાક યુવાનો સમાજમાં કોકરોચની જેમ પરોપજીવી બની રહ્યા છે. (જોકે બાદમાં CJIએ સ્પષ્ટતા કરી હતી કે આ ટિપ્પણી માત્ર નકલી ડિગ્રી ધારકો માટે હતી). આ ટિપ્પણીના વિરોધ અને કટાક્ષ રૂપે અમેરિકાના બોસ્ટનમાં રહેતા ભારતીય યુવક અભિજીત દીપકે કોકરોચ જનતા પાર્ટીની શરૂઆત કરી. જોતજોતામાં ઈન્સ્ટાગ્રામ પર આ પેજના ૨.૨ કરોડથી વધુ ફોલોઅર્સ અને ઠ પર લાખો ફોલોઅર્સ થઈ ગયા. આ પ્લેટફોર્મ દ્વારા યુવાનો બેરોજગારી, સરકારી જવાબદારી અને મીડિયાની સ્વતંત્રતા જેવા ગંભીર મુદ્દાઓ પર મીમ્સ અને કટાક્ષ શેર કરે છે.

### હાઇકોર્ટ માટે ડેડલાઇન નક્કી

# ન્યાયમાં વિલંબ હવે નહીં ચાલે! સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

## લોકોને વહેલો ન્યાય મળે તે હેતુથી સુપ્રીમ કોર્ટે દેશની તમામ હાઇકોર્ટ માટે કેટલાક કડક અને બંધનકર્તા દિશા-નિર્દેશો જાહેર કર્યા

નવી દિલ્હી, તા.૨૯

દેશની અદાલતોમાં કેસોના નિકાલમાં થતી મોડી પ્રક્રિયા અને નિર્ણયો લેવામાં થતા વિલંબને રોકવા માટે સુપ્રીમ કોર્ટે એક મોટું અને ઐતિહાસિક પગલું ભર્યું છે. લોકોને વહેલો ન્યાય મળે તે હેતુથી સુપ્રીમ કોર્ટે દેશની તમામ હાઈકોર્ટ માટે કેટલાક કડક અને બંધનકર્તા દિશા-નિર્દેશો જાહેર કર્યા છે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે, હાઈકોર્ટે કોઈપણ કેસમાં સુરક્ષિત રાખેલો ફેંસલો વધુમાં વધુ ૩ મહિનાની અંદર સંભળાવી દેવો પડશે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે આ મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે વ્યક્તિગત સ્વતંત્રતાને ધ્યાનમાં રાખીને જામીનના મામલામાં પણ ખૂબ જ મોટો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું છે કે જામીન સંબંધિત કેસોમાં બને ત્યાં સુધી સુનાવણીના બીજા જ દિવસે ચુકાદો આપી દેવો પડશે અને તે જ દિવસે જેલના અધિકારીઓને પણ તેની જાણ કરવાની રહેશે. આ ઉપરાંત, જે કેસોમાં આરોપીઓ પહેલેથી જ જેલમાં (અંડરટ્રાયલ) છે, તેમને જામીન મળ્યાના તે જ દિવસે અથવા તો વધુમાં વધુ તેના બીજા દિવસે જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ અંગે ટ્રાયલ કોર્ટે હાઈકોર્ટને નિયમોના પાલન અંગે રિપોર્ટ સોંપવો પડશે.સુપ્રીમ કોર્ટના નવા નિયમો પ્રમાણે, કોર્ટે ચુકાદો આપતી વખતે માત્ર તેનો મુખ્ય નિર્ણય (ઓપરેટિવ પાર્ટ) જ તરત જાહેર કરવાનો રહેશે. જોકે, એ નિર્ણય કયા કારણે લેવાયો છે તેની પૂરી વિગતો ૭ દિવસની અંદર કોર્ટની વેબસાઈટ પર મૂકવી ફરજિયાત રહેશે. આ સાથે જ, કયા કેસનો ચુકાદો કઈ તારીખથી સુરક્ષિત રાખવામાં આવ્યો છે, તેની માહિતી પણ હાઈકોર્ટની વેબસાઈટ પર ચોક્કસપણે બતાવવી પડશે.અદાલતોમાં ચુકાદાઓ ઓનલાઈન અપલોડ કરવામાં થતા અતિશય વિલંબને જોતાં સુપ્રીમ કોર્ટે કડક જોગવાઈ કરી છે. જો કોઈ જજ ૩ મહિનામાં સુરક્ષિત રાખેલો ફેંસલો નહીં સંભળાવે, તો રજિસ્ટ્રાર જનરલ આ મામલો હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સામે મૂકશે. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ વધુમાં વધુ ૨ અઠવાડિયાનો સમય આપી શકશે અને જો ત્યારપછી પણ નિર્ણય નહીં આવે તો એ કેસ સુનાવણી માટે બીજી બેન્ચને ટ્રાન્સફર કરી દેવામાં આવશે.તેવી જ રીતે, જો ચુકાદો આપ્યાના ૧૫ દિવસમાં કારણો અપલોડ કરવામાં નહીં આવે, તો અરજી કરી શકાશે. જો ૩૦ દિવસ સુધી કારણો ઓનલાઈન મૂકવામાં નહીં આવે, તો કેસ પાછો ખેંચીને નવી બેન્ચ સમક્ષ સુનાવણી માટે લઈ જવાની અરજી આપી શકાશે.સુપ્રીમ કોર્ટનો આ મોટો આદેશ એક અરજી પર સુનાવણી દરમિયાન આવ્યો છે. અરજીકર્તાઓએ ફરિયાદ કરી હતી કે ઝારખંડ હાઈકોર્ટે તેમની ફોજદારી અપીલ પર અંતિમ ચર્ચા સાંભળ્યા પછી પણ છેલ્લા ૨થી ૩ વર્ષથી ફેંસલો સુરક્ષિત રાખ્યો છે અને કોઈ નિર્ણય આપવામાં આવી રહ્યો નથી.

આ ગંભીર ફરિયાદ બાદ ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે આ મામલાનો વ્યાપ વધારીને દેશની તમામ હાઈકોર્ટ પાસેથી સ્ટેટસ રિપોર્ટ માંગ્યો હતો કે કઈ કોર્ટમાં કેટલા સમયથી ફેંસલા સુરક્ષિત રાખવામાં આવ્યા છે અને ત્યારબાદ આ કડક ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી છે. દેશની તમામ હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને આ ગાઈડલાઈન્સ પોતાના ચીફ જસ્ટિસ સમક્ષ રજૂ કરવા આદેશ અપાયો છે.

### સરકારે કહ્યું- PM મોદી પોતે કરી રહ્યા છે નિરીક્ષણ

# જવાબદારી કોની? પેપરલીક મામલે સુપ્રીમ NTA પર લાલઘૂમ!

## આ સુનાવણી દરમિયાન NTA અને સમિતિ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે શુક્રવારે NEET-UG પેપર લીક વિવાદ અંગે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) અને કેન્દ્ર સરકાર દ્વારા નિમાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિને આકરા સવાલો કર્યા છે. કોર્ટે તીખી ટિપ્પણી કરતાં પૂછ્યું કે, દેશમાં આટલી મોટી દેખરેખ પદ્ધતિઓ અને ઓવરસાઈટ કમિટીઓ હોવા છતાં આટલી મોટી સુરક્ષા ખામી કેવી રીતે સર્જાઈ? આ સુનાવણી દરમિયાન NTA અને સમિતિ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા.NEET-UG પરીક્ષા રદ કરવા અને પેપર લીક મામલે શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે એક મોટો ખુલાસો કર્યો છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સર્વોચ્ચ અદાલતને સત્તાવાર રીતે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે આ સમગ્ર મામલા અને લીકની તપાસ પ્રક્રિયા પર વ્યક્તિગત રીતે દેખરેખ રાખી રહ્યા છે.સર્વોચ્ચ અદાલતે સરકાર પાસે એક એફિડેવિટ (સોગંદનામા) દ્વારા પેપર લીકની તપાસની પ્રક્રિયા અને તેની પૂર્ણ કઈ રીતે અને કઈ પદ્ધતિથી કરવામાં આવશે તેની વિગતવાર માહિતી આપતો જવાબ માંગ્યો હતો, જેના પગલે સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા આ રજૂઆત કરવામાં આવી હતી.લાઈવ લોના અહેવાલ મુજબ, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે, "વડાપ્રધાન પોતે વ્યક્તિગત રીતે આની દેખરેખ રાખી રહ્યા છે. સમગ્ર મામલે સતત અપડેટ લઈ રહ્યા છે."જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ પી.એસ. નરસિમ્હાની બેન્ચે ઈસરો (ISRO)ના પૂર્વ ચેરમેન ડૉ. કે. રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની કમિટીની કામગીરીની સમીક્ષા કરી હતી. જસ્ટિસ નરસિમ્હાએ સવાલ કર્યો કે ડૉ. રાધાકૃષ્ણન પહેલા હાઈ-પાવર્ડ કમિટીનો ભાગ હતા અને બાદમાં તેમને મોનિટરિંગ કમિટીમાં નિયુક્ત કરાયા, તો પછી ભલામણોના અમલીકરણનું વાસ્તવિક મોનિટરિંગ કેટલું થયું? કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, "જો આટલી દેખરેખ અને મોનિટરિંગ હોવા છતાં પણ સિસ્ટમ નિષ્ફળ ગઈ છે, તો તેનો સીધો અર્થ એ છે કે મોનિટરિંગની પ્રક્રિયામાં જ કોઈ મોટી ખામી રહી ગઈ છે".સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે માત્ર સુરક્ષા વધારવાથી કે કમિટીઓની બેઠકો યોજવાથી પેપર લીક જેવી ગંભીર ઘટનાઓ નહીં અટકે, જ્યાં સુધી તંત્રમાં જવાબદારી નક્કી કરવામાં ન આવે. "જ્યાં સુધી સિસ્ટમમાં વાસ્તવિક જવાબદારી નક્કી નહીં થાય, ત્યાં સુધી આ મુખ્ય સમસ્યા બંધ નહીં થાય. આ જવાબદારી માત્ર કોઈ એક વ્યક્તિને પકડીને તેને બલિનો બકરો બનાવવા પૂરતી મર્યાદિત ન હોવી જોઈએ, પરંતુ સિસ્ટમમાં અંતિમ જવાબદારી કોની બને છે તે સ્પષ્ટપણે વ્યાખ્યાયિત થવું જોઈએ." - સુપ્રીમ કોર્ટ

કોર્ટે ચેતવણી આપી કે, જો નિષ્ફળતા માટે સત્તાવાળાઓ ચોક્કસ જવાબદારી નક્કી નહીં કરે, તો સંસ્થાકીય ખામીઓ વારંવાર પુનરાવર્તિત થતી રહેશે. અદાલતના સવાલોનો જવાબ આપતાં ડૉ. રાધાકૃષ્ણનને જણાવ્યું કે, સમિતિએ પરીક્ષા સુરક્ષા અને વહીવટી સુધારા માટે કુલ ૧૦૧ ભલામણો સબમિટ કરી છે. આ ભલામણો પૈકી ૬૦ ટૂંકા ગાળાના સુધારાઓ ખાસ કરીને ૨૦૨૬ની પરીક્ષા દરમિયાન લાગુ કરવા માટે તૈયાર કરાયા હતા, જેમાંથી મોટાભાગના સુધારા અમલમાં આવી ચૂક્યા છે. પેપર લીક થવાના મુખ્ય કારણ અંગે તેમણે સ્વીકાર્યું કે ખરી સમસ્યા પ્રશ્નપત્ર સેટ કરવાની પ્રક્રિયામાં હતી. હવે પ્રશ્નપત્રનું સેટિંગ ફ્રેમવર્કને વધુ મજબૂત અને સુરક્ષિત કરવામાં આવી રહ્યું છે. તેમણે કોર્ટને ખાતરી આપી હતી કે આગામી દિવસોમાં યોજાનારી રી-ટેસ્ટમાં આવી કોઈ ઘટનાનું પુનરાવર્તન નહીં થાય.સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને માહિતી આપી કે, પેપર લીક અંગેની તપાસ હજુ પણ ચાલુ છે. આગામી ૨૧ જૂને યોજાનારી પુનઃપરીક્ષા પહેલા સંપૂર્ણપણે નવી અને સખત સુરક્ષા વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી રહી છે અને ઉચ્ચ સ્તરે તેનું નિરીક્ષણ થઈ રહ્યું છે. જોકે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ સુરક્ષા વ્યવસ્થાઓ માત્ર કામચલાઉ વ્યવસ્થા ન રહેવી જોઈએ, પરંતુ તંત્રમાં એક કાયમી સંસ્થાકીય કામગીરી તરીકે સ્થાપિત થવી જોઈએ જેથી ભવિષ્ય સુરક્ષિત બને. દ્દછને મજબૂત કરવા માટે હવે IIT-JEE અને કેન્દ્રીય વિદ્યાલય સિસ્ટમ સાથે સંકળાયેલા ટોચના વિષય નિષ્ણાતોને પણ આ પરીક્ષા પ્રક્રિયામાં સામેલ કરવામાં આવ્યા છે.

તમારૂ આરોગ્ય અમારી જવાબદારી
PM-JAY તથા PGVCL કર્મચારીઓ માટે
કેશલેસ સારવાર
24/7 Emergency Services
GUVNL
ડો.નીત ચોટાઈ
MBBS,MS, DrNB (Urologist)
કીડની–પથરી–પ્રોસ્ટેટનાં રોગોના નિષ્ણાંત
ડો.વિજય મકવાણા
(MD - મેડીસીન)
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

# સાંસદનાં અધ્યક્ષ સ્થાને "DISHA"ની બેઠક યોજાઈ

# અમરેલી ખાતે જનકલ્યાણકારી યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા કરાઈ

**સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટેનાં કાર્યો માટે લાભાર્થી સુધી પહોંચવા અનુરોધ**

**BSNL નેટવર્ક સમસ્યા નિવારવા, માર્ગો સહિતનાં પ્રશ્નોને લઈને જરૂરી દિશાનિર્દેશ અપાયા**

**નાગરિકોને નાના ઉદ્યોગો માટે સરળતાથી લોન મળી રહે તે માટે જરૂરી સુચના અપાઈ**

**ધારાસભ્ય કસવાલા, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી બેઠકમાં જોડાયા**



અમરેલી, તા. ૨૯ અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ કો–ઓર્ડિનેશન અને મોનિટરિંગ કમિટી (DISHA)ની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં સાંસદ ભરતભાઈ સુતરીયાએ કેન્દ્ર સરકાર સંચાલિત જનકલ્યાણકારી યોજનાઓ, અભિયાનો અને વિકાસ કાર્યો અન્વયે થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

**મામલતદાર અને સ્ટાફ પરિવારનું પ્રેરણાદાયી કાર્ય**

# ભૈ વાહ : વડિયામાં મામલતદાર કચેરી રજાનાં દિવસે પણ વિદ્યાર્થીઓનાં હિતમાં શરૂ રહી

**રજાનાં દિવસે કનેક્ટિવિટીની સમસ્યા ન હોવાથી કામોનો નિકાલ થયો**



વડિયા, તા. ૨૯ ગુજરાતની વહીવટી કચેરીઓમાં GSWANનુ નેટ કનેક્ટિવિટીથી સમગ્ર વહીવટી તંત્રનુ કામ કરવામાં આવે છે. આ નેટ કનેક્વીટીમાં કોઈ પ્રોબ્લેમ આવે તો વહીવટી તંત્રની મોટાભાગની કામગીરી ટલ્લે ચડતી જોવા મળે છે. અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં આવેલી મામલતદાર કચેરી ખાતે GSWANની કનેક્ટિવિટીથી સમગ્ર વહીવટી તંત્રનુ કામ ટલ્લે ચડતું જોવા મળ્યું હતુ. જેને કારણે વિદ્યાર્થીઓના દાખલા ટલ્લે ચડતા ધમધોકતા તાપમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય અરજદારો હેરાન થતા જોવા મળ્યા હતા. આ બાબતે

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૨૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૬૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)
ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીઝીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

सुश्रुत આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો
માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
તમામ પ્રકારના વાં (દુઃખાવા), સ્ત્રીરોગ
વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)